R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2009-11 Licensed to post without pre-payment Licence No. 001-2009-11 to Post at MBC-NVP-AHD-9 on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૨ ● તા. ૩૦મી ડિસેમ્બર, ૨૦૦૯ ● અંક નં. ૩

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : વિ. થિરુપુગલ

સંપાદક : અરવિંદ આર. પટેલ    કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી    સહસંપાદક : નરેશ ચૌધરી, પ્રવિણ સોનારિયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩૦/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.*

E-mail : pub1-info@gujarat.gov.in    www.gujaratpublications.com    Phone No. : 079-232-53440

## ભારતીય નૌકાદળ

# ખલાસી તરીકે ખડતલ કારકિર્દીની તક

ભારતીય નૌકાદળ અત્યાધુનિક યુદ્ધ જહાજો, સબમરીન, એરક્રાફ્ટ ધરાવે છે. તેમાં મુકવામાં આવેલ મશીનરી, શસ્ત્રો, રડાર અને અન્ય ઉપકરણોના સંચાલન અને જાળવણી માટે ખલાસી (સેઈલર) ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. આ ખલાસીઓને આઈ.એન.એસ., ચિલ્કા, જિલ્લો-ખુરદા (ઓરિસ્સા)માં પાયાની તાલીમ આપવામાં આવે છે. ત્યારપછી દેશભરમાં આવેલા ભારતીય નૌકાદળના વિવિધ સાહસોમાં સઘન તાલીમ આપવામાં આવે છે. વિદેશમાં પણ તાલીમ અર્થે મોકલવામાં આવે છે. ભારતીય નૌકાદળ દ્વારા **સિનિયર સેકન્ડરી રિક્રૂટ્સ(SSR)માં** ખલાસીઓની નિમણૂક માટે **૨ ઓગસ્ટ - ૨૦૧૦**ની બીજી બેચમાં શરૂ થતાં કોર્સ માટે અપરિણીત ભારતીય પુરૂષ ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવામાં આવે છે.

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૬-૧-૨૦૧૦**

❑ **શૈક્ષણિક લાયકાત :** મેથ્સ અને ફિઝિક્સ ફરજિયાત વિષય તથા કેમિસ્ટ્રી/બાયોલોજી/કોમ્પ્યુટર્સ વૈકલ્પિક વિષયો સાથે ૧૦+૨ અથવા તેને સમકક્ષ.

❑ **વયમર્યાદા :** ઉમેદવાર ૧-૮-૧૯૮૯ થી તા. ૩૧-૭-૧૯૯૩ વચ્ચે જન્મેલા હોવા જોઈએ. (બંને દિવસ સાથે ગણવા).

❑ **પગાર અને અન્ય ભથ્થાં :**

♦ પ્રારંભિક તાલીમ દરમ્યાન પ્રતિમાસ રૂ. ૫૭૦૦ સ્ટાઈપેન્ડ મળવાપાત્ર છે. પરંતુ પ્રારંભિક તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ નીચે દર્શાવેલ લઘુતમ પગાર ધોરણ પ્રમાણે તાલીમ સમય દરમ્યાન કુલ ચૂકવવાપાત્ર થતી રકમમાંથી તાલીમ દરમ્યાન પ્રતિમાસ ચૂકવાયેલ સ્ટાઈપેન્ડની રકમ બાદ કરીને જે રકમ વધે તેટલી રકમ ચૂકવવામાં આવશે.

♦ પ્રારંભિક તાલીમ પૂર્ણ થયા બાદ ઉમેદવારને પ્રતિમાસ રૂ. ૫૨૦૦-૨૦,૨૦૦ + રૂ. ૨૦૦૦ ગ્રેડ પે + રૂ. ૨૦૦૦ મીલીટરી સર્વિસ પે + ડી.એ. મળવાપાત્ર રહેશે.

❑ **બઢતી :** ઉમેદવારને માસ્ટર ચીફ પેટી ઓફિસર-૧ (એટલે કે સુબેદાર મેજર) સુધીની રેન્કમાં બઢતી મેળવવાની તક મળશે. ઉમેદવારનો દેખાવ અવ્વલ હશે અને જરૂરી પરીક્ષાઓમાં યોગ્યતા પ્રાપ્ત કરશે તો તેને કમિશન ઓફિસર તરીકે બઢતીની પણ તક મળી શકશે.

❑ **અન્ય સવલતો :**

♦ તાલીમ સમય અને ત્યારબાદ ખલાસીઓને નિઃશૂલ્ક ધોરણે પુસ્તકો, વાંચનસામગ્રી, ગણવેશ, ભોજન અને આવાસની સુવિધા પૂરી પાડવામાં આવશે.

♦ ખલાસીઓ પોતાના અને કુટુંબના સભ્યો માટે તબીબી સારવાર, રજા પ્રવાસ રાહત મેળવી શકે છે. ગ્રુપ હાઉસીંગના લાભો અને અન્ય સરકારી ખર્ચાઓમાં છૂટછાટ મેળવી શકે છે. વીમા કવચ મેળવી શકે છે. તદ્ઉપરાંત ખલાસીઓને દર વર્ષે ૬૦ દિવસની વાર્ષિક અને ૩૦ દિવસની પરચૂરણ રજા મળવાપાત્ર છે. નિવૃતિ સમયે વિવિધ લાભો જેવા કે પેન્શન, ગ્રેજ્યુઈટી અને રજાનું રોકડમાં રૂપાંતર મેળવવા હક્કદાર બનશે. બાળકોની શિક્ષણ ફી અને ઘરભાડા ભથ્થું પણ મળી શકશે.

❑ **પસંદગી પ્રક્રિયા :** ઉમેદવારોની પસંદગી લેખિત પરીક્ષા, શારીરિક સુસજ્જતા કસોટી અને તબીબી પરીક્ષણ દ્વારા કરવામાં આવશે.

♦ **લેખિત પરીક્ષા :** પ્રશ્નપત્રો હિન્દી/અંગ્રેજી એમ બંને ભાષામાં રહેશે. પરીક્ષામાં અંગ્રેજી, સાયન્સ, મેથ્સ અને જનરલ નોલેજ એમ ચાર ભાગ રહેશે. પરીક્ષાનું ધોરણ ૧૦+૨ સમકક્ષ રહેશે. પરીક્ષાનો અભ્યાસક્રમ વેબસાઈટ : **www.nausena-bharti.nic.in** પરથી જોઈ શકાશે. પરીક્ષાનો સમય એક કલાકનો રહેશે.

♦ **શારીરિક સુસજ્જતા કસોટી (PFT) :** ઉમેદવારોએ ૭ મિનિટમાં ૧.૬ કિ.મી.નું અંતર દોડથી પૂર્ણ કરવાનું રહેશે. ૨૫ ઉઠક બેઠક, ૧૦ પુલ-અપ્સ કરવાના રહેશે. PFT માં ઉમેદવારે સ્વયંના જોખમે ભાગ લેવાનો રહેશે.

❑ **તબીબી ધોરણ :** ખલાસીઓના પ્રવેશ માટે જરૂરી પ્રવર્તમાન નિયમનોમાં દર્શાવેલ તબીબી ધોરણોની ચકાસણી સક્ષમ મિલિટરી ડૉક્ટર્સ દ્વારા કરવામાં આવશે. ઊંચાઈના પ્રમાણમાં જરૂરી વજન અને સુદઢ છાતી ૫ સે.મી.ના ફુલાવા સાથે હોવી જરૂરી છે. ઉમેદવાર સારૂં માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય ધરાવતા હોવા જોઈએ. કોઈપણ પ્રકારના રોગ-ખામીથી મુક્ત હોવા જોઈએ. વળેલા ઘૂંટણ, સપાટ તળીયા, ઉપસેલી નસો હોવી ન જોઈએ. કાનમાં બહેરાશ કે અન્ય ઊણપ ન હોવી જોઈએ. ખેંચ કે વાઈનું દર્દ કે માનસિક રોગના લક્ષણો હોવા ન જોઈએ. ઊંચાઈ ઓછામાં ઓછી ૧૫૭ સે.મી. હોવી જોઈએ. કલર CP-II હોવો જોઈએ. ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તબીબી પરિક્ષણ અગાઉ તેમના કાન ચોખ્ખા કરાવે તથા દાંત સાફ કરાવી લે.

❑ **દષ્ટિનું ધોરણ :** ઉમેદવાર ચશ્મા સાથે સારી અને ખરાબ આંખ વડે ૬/૬, ચશ્મા વિના સારી આંખ વડે ૬/૬ અને ખરાબ આંખ વડે ૬/૯ નું દષ્ટિ ધોરણ ધરાવતા હોવા જોઈએ.

♦ જે ઉમેદવારોને કોઈપણ સંરક્ષણ દળની પાંખ દ્વારા કાયમી ધોરણે તબીબી દષ્ટિએ અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હોય, અગાઉ આ જ નિમણૂક સમયે હોસ્પિટલમાં ગયા હોય તેવા ઉમેદવારોએ અરજી કરવી નહીં.

♦ **અંતિમ નિમણૂક સમયનું તબીબી પરીક્ષણ :** જે ઉમેદવારોને અંતિમ નિમણૂક માટેના કોલ લેટર મોકલવામાં આવ્યા છે. તેઓએ આઈએનએસ-ચિલ્કા ખાતે અંતિમ તબીબી પરીક્ષણ માટે ઉપસ્થિત થવાનું રહેશે. આ પરીક્ષણ દરમ્યાન અનફીટ જાહેર થનાર ઉમેદવારની તાલીમ માટે નોંધણી કરવામાં નહિ આવે. આ પરીક્ષણ સામે કોઈપણ પ્રકારની મેડિકલ અપીલ થઈ શકશે નહિ.

❑ **તાલીમ અને પ્રારંભિક નિમણૂક :**

♦ **તાલીમ :** કોર્સ માટેની ૨૪ સપ્તાહની પાયાની તાલીમનો ૨-૮-૨૦૧૦ના રોજ આઈએનએસ-ચિલ્કા ખાતે પ્રારંભ થશે. ત્યારબાદ ભારતીય નૌકાદળના વિવિધ જહાજો અને વિભાગોમાં જે તે ટ્રેડમાં વ્યવસાયિક તાલીમ લેવાની રહેશે. સેવાની જરૂરિયાત અનુસાર ઉમેદવારોને બ્રાંચ/ટ્રેડની ફાળવણી કરવામાં આવશે.

♦ તાલીમ દરમ્યાન નોંધપાત્ર દેખાવ ન કરી શકનાર ખલાસીને અયોગ્ય ગણી છૂટા કરી શકાશે.

♦ પાયાની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર ખલાસીને ૧૫ વર્ષ માટે નિમણૂક આપવામાં આવશે.

❑ **પસંદગી પ્રક્રિયા :**

♦ અરજી કરવા માટે નિયત નમૂનો નીચે આપવામાં આવ્યો છે.

♦ અરજીઓ માત્ર સાદી ટપાલથી જ મોકલવી. સ્પીડ પોસ્ટ, રજિસ્ટર્ડ પોસ્ટ અથવા કુરિયર દ્વારા મોકલવામાં આવેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

♦ તારવણીનો આધાર શૈક્ષણિક સિદ્ધિ અને ટકાવારી છે.

♦ તારવણી બાદ લાયકાત ધરાવતા ઉમેદવારોને માર્ચ-મે-૨૦૧૦માં યોજાનાર રિક્રૂટમેન્ટ ટેસ્ટ માટેની તારીખ, સમય અને સ્થળ વિશે જાણકારી અપાતા કોલઅપ લેટર્સ મોકલવામાં આવશે.

♦ સિલેકશન ટ્રાયલ વખતે બધા અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.

♦ લેખિત પરીક્ષાનું પરિણામ તેજ દિવસે જાહેર કરી દેવાશે.

♦ લેખિત પરીક્ષામાં સફળ થયેલા ઉમેદવારોએ ત્યારબાદ PFT અને તબીબી પરીક્ષણમાંથી પસાર થવાનું રહેશે.

♦ મેડિકલી ટેમ્પરરી અનફીટ તરીકે જાહેર થયેલા ઉમેદવારોએ પુનઃસમીક્ષા માટે તબીબી પરિક્ષણ માટેની તારીખથી વધુમાં વધુ ૨૧ દિવસમાં જણાવવામાં આવેલી મીલીટરી હોસ્પિટલમાં રિપોર્ટ આપવાનો રહેશે.

➲

## જી.કે ક્વિઝ કોર્નરના સહારે સ્પર્ધાત્મક પરીક્ષાઓની કરો તેયારી

**ગુજરાત રોજગાર સમાચાર તેના વાંચકો માટે રોજગાર અને સ્વ રોજગાર વિષયક સતત નવા પ્રયોગો કરી તેના વાંચકોનું કૌશલ્ય નિર્માણ કરવાનો પ્રયાસ કરતું રહે છે. તેના ભાગરૂપે હવે, 'ગુજરાત રોજગાર સમાચાર'ના વાંચકો વિવિધ સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાઓ માટે તૈયાર થઈ શકે તે આશયથી 'જનરલ નોલેજ કવીઝ કોર્નર' આ અંકથી એક નિયમિત વિભાગ તરીકે શરૂ કરવામાં આવ્યું છે. જેમાં સ્પર્ધાત્મક પરીક્ષાને લક્ષમાં રાખીને સામાન્ય જ્ઞાનના વિવિધ વિષયોને લગતા પ્રશ્નો મુકાશે. તેની નીચે વૈકલ્પિક જવાબો A,B,C,D, સ્વરૂપે અપાશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવા ઈચ્છુક વાંચકોએ 'જનરલ નોલેજ કિવઝ કોર્નર' શ્રેણીનો નિયમિત મહાવરો કરતા રહેવું. જેથી સફળતાનો રાહ આસાન બની રહે.**

*તંત્રી*

*ગુજરાત રોજગાર સમાચાર*

- જે ઉમેદવાર તબીબી રીતે કાયમી અનફીટ જાહેર થયા હોય તેઓ મીલીટરી હોસ્પિટલનો સ્પેશ્યાલિસ્ટ ઓપીનિયન મેળવવા માટે ૨૧ દિવસમાં સરકારી તિજોરી મારફતે રૂા. ૪૦નો મીલીટરી રિસિવેબલ ઓર્ડર (MRO) ચૂકવી અપીલ કરી શકે છે.
- જણાવવામાં આવેલી મીલીટરી હોસ્પિટલ સિવાય અન્ય હોસ્પિટલમાંથી મેળવવામાં આવેલું મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ માન્ય રાખવામાં આવશે નહીં.
- બધી રીતે લાયક પૂરવાર થયેલા ઉમેદવારોની જગાની ઉપલબ્ધતાના આધારે તારવણી કરવામાં આવશે.
- જે બેચ માટે ઉમેદવારની પસંદગી થઈ હોય તે જ બેચ માટે તે લાયક ગણાશે.
- છ માસ પછી નિમણૂક/એનરોલમેન્ટ માટેની પૂછપરછ વિચારણામાં લેવાશે નહીં.
- એનરોલમેન્ટ માટેની સિલેકશન ટ્રાયલમાં પસંદ થયેલા ઉમેદવારોને એનરોલમેન્ટ માટેના ઓફર લેટર સાથે પોલીસ વેરિફીકેશન ફોર્મ પણ મોકલવામાં આવશે. ઉમેદવારોએ પોતાના અધિવાસ અંગેનું આ પી. વી. ફોર્મ જિલ્લા પોલીસ સત્તાવાળાઓ પાસેથી ભરાવીને રજૂ કરવાનું રહેશે. આ ફોર્મ વિના ઉમેદવારોનું એનરોલમેન્ટ થશે નહિ. પી.વી. ફોર્મનો નમૂનો **વેબસાઈટ : www.nausena-bharti.nic.in** પરથી પણ મેળવી શકાશે.

## ❑ અરજી કેવી રીતે કરશો ?

- નીચે દર્શાવેલ નિયત નમૂના મુજબ અરજી એ-૪ સાઈઝના પેપર ઉપર કરવાની છે.
- એક જ અરજી કરવી. અરજીપત્રક **www.nausena-bharti.nic.in** પરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે.
- અરજી ફોર્મ સાથે નીચે દર્શાવેલ દસ્તાવેજો પંચ કરી મજબૂત દોરા વડે દર્શાવેલ ક્રમમાં જોડાવાના રહેશે.
- અરજી **ખાખી કલર**ના પરબીડિયામાં મોકલવી. પરબીડિયા ઉપર એન્ટ્રીનો પ્રકાર, કેન્દ્રની પસંદગી તથા ટકાવારી સ્પષ્ટ રીતે દર્શાવવી. દા.ત. **SSR 02/2010-MUMBAI-68.7% (10+2).**
- જન્મતારીખના આધાર માટે મેટ્રિક/સમકક્ષ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ
- ૧૦+૨/સમકક્ષ પરીક્ષાની માર્કશીટની પ્રમાણિત નકલ અને પ્રમાણપત્ર
- એન.સી.સી. / સ્પોર્ટસ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો.
- ૨૨×૧૦ સે.મી. સાઈઝવાળા બે પોતાના સરનામાવાળા પરબીડિયા. જે પૈકી એક ઉપર રૂા. ૧૦/- ની ટપાલ ટિકિટ ચોંડવી.
- અરજી સાથે મુળ વસવાટનું પ્રમાણપત્ર કે જે રાજ્યપત્રિત અધિકારી/ગ્રામ પંચાયત દ્વારા પ્રમાણિત કરાયું હોય તેની નકલ સામેલ કરવી.
- ઉમેદવારોએ તાજેતરમાં પડાવેલા એક વધારાનો પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફસ અને તેની નેગેટિવ અરજી સાથે મોકલવાના રહેશે. ફોટોગ્રાફસની પાછળ ઉમેદવારનું નામ અને સહી હોવા જોઈએ.
- ઉમેદવારોએ છાતીના આગળના ભાગે કાળી સ્લેટ રાખી તેમાં પોતાનું નામ, જન્મતારીખ, ફોટોગ્રાફસની તારીખ તથા રાજ્યનું નામ સ્પષ્ટ વંચાય તે રીતે સફેદ ચોક વડે કેપીટલ અક્ષરોમાં લખી ફોટો પડાવવાનો રહેશે.
- દર્શાવ્યા પ્રમાણે ફોટોગ્રાફસ અને તેની નેગેટિવ વિનાની અરજીઓ રદ કરવામાં આવશે.

**નોંધ :** દસ્તાવેજો ઉપર પ્રમાણિત કરનાર અધિકારીનું નામ અને ઓફિસનું સરનામું/સિક્કાની છાપ સ્પષ્ટ દેખાવવી જોઈએ.

❑ **પરીક્ષા કેન્દ્રો : ગુજરાત** તથા મહારાષ્ટ્ર, ગોવા, કેન્દ્ર શાસિત પ્રદેશ, દીવ, દમણ, દાદરા અને નગર હવેલી વિસ્તારના ઉમેદવારો માટે **જામનગર**, મુંબઈ, લોનાવાલા, ગોવા.

❑ **અરજી મોકલવાનું સરનામું :** સંપૂર્ણ ભરાયેલ અરજીપત્રો **તારીખ ૧૬-૧-૨૦૧૦**ના રોજ કે તે પહેલા મળી જાય તે રીતે નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવાના રહેશે.

**Post Box No. 7001,**
**IPHO, New Delhi-110 002.**

**FORMAT OF APPLICATION**
**(UNMARRIED MALE CANDIDATES ONLY)**
APPLICATION FORM FOR SENIOR SECONDARY RECRUITS - 02/2010

**FOR INDIAN NAVY OFFICE USE ONLY**

| CODE NO. | VALIDITY STATUS | | Application No.. |
|---|---|---|---|
| | ○ Valid | ○ Invalid | |

Paste your recent coloured photograph (Do not staple)

1. NAME IN BLOCK CAPITALS AS IN MATRICULATION CERTIFICATE:-
2. FATHER'S NAME AS IN MATRICULATION CERTIFICATE:-
3. PERMANENT ADDRESS WITH PIN CODE AND TELE NO, E-MAIL ID IF ANY:-
DISTRICT
STATE
TELE PIN
E-MAIL
4. PRESENT ADDRESS WITH PIN CODE AND TELE NO, IF ANY :-
DISTRICT
STATE
TELE PIN
5. Education Particular (10+2) : - Highlight subjects (10+2)- ○ Physics ○ Chemistry ○ Maths ○ Biology ○ Computer Science

| Year of Passing | Authority conducting Exam | State from which Exam Passed | Serial No. of Certificate | Marks obtained/ total marks | Percentage |
|---|---|---|---|---|---|
| | | | | / | . |

6. Nationality : ________________________________ 7. Date of Birth (DD/MM/YY)
8. MARITAL STATUS: Married ○ Unmarried ○ 9. Have you been discharged from armed forces before? Yes ○ No ○
10. Have you ever been enrolled in armed forces before? Yes ○ No ○
11. Visible Identification Marks (at least two):-
(a)
(b)

**DECLARATION**

1. I hereby declare that all the statements made in the application are true to the best of my knowledge and belief and the application has been filled up by me
2. I have never been debarred from appearing in any examination nor, have I ever been withdrawn from Defence Training Establishments on disciplinary grounds, nor have I ever been arrested, prosecuted or convicted by criminal court or involved in any other case registered by the police. ***I have not submitted more than one application for this batch.***
3. I undertake not to make any claim for compensation if at any stage of selection, ineligibility for my candidature is detected and my candidature is cancelled as a result thereof.
4. Any willful misrepresentation of facts and concealment of information will result in the cancellation of the candidature and may debar me permanently or for a specified period from applying for future examinations

Place :.......................... ..
Date :...............................

Parent Signature Signature of Applicant

**List of Documents:** The following documents are to be attached by punching and tying firmly with a strong thread to the application in the sequence below:-

- Attested copy of (a) Matriculation certificate.( **for verification of Date of Birth)** (b) 10+2 certificate (c) 10+2 mark sheet (d) Domicile Certificate.
- Two self-addressed envelops of size 22 x 10 cms with Rs 10/- stamp affixed on one envelope.

**Note: - All the above certificates are to be attested** by Gazetted Officer (The name of attesting officer with seal should be legible).

**IDENTIFICATION FORM**

**Application No** Date of Birth (DD/MM/YY)
**Name (in block capital)**
**Fathers Name**
**Visible identification marks (at least two)**
1
2.

Paste your recent coloured photograph (Do not staple)

**SIGNATURE OF APPLICANT**

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.-૪ ગાંધીનગર

## તલાટીઓની સંખ્યામાં થયેલો વધારો : હવે ૨૧૨૬ જગ્યાઓ માટે ભરતી થશે

(રેવન્યુ તલાટી, વર્ગ-૩ જાહેરાત ક્રમાંક ૦૪/૦૯માં સુધારો)

મંડળની જાહેરાત ક્રમાંક ૦૪/૦૯ અન્વયે રેવન્યુ તલાટી, વર્ગ-૩ માટેની તા. ૨૬/૧૧/૦૯ થી પ્રસિધ્ધ કરાયેલ જાહેરાતમાં દર્શાવેલ ૧૫૬૩ ખાલી જગ્યાઓમાં મહેસૂલ વિભાગ દ્વારા ૫૬૩ જગ્યાઓનો વધારો કરવામાં આવેલ છે. જેથી હવે મહેસૂલ ખાતાની રેવન્યુ તલાટી, વર્ગ-૩ની ૧૫૬૩ જગ્યાઓને બદલે ૨૧૨૬ જગ્યાઓ ભરવાની થાય છે, જેની કેટેગરીવાર વિગતો નીચે મુજબ છે.

| કેટગરી | કેટેગરીવાઇઝ જગ્યા | |
|---|---|---|
| | પુરૂષ | મહિલા |
| જનરલ | ૮૫૬ | ૩૭૪ |
| અનુસૂચિત જાતિ | ૧૦૯ | ૪૦ |
| અનુસૂચિત જન જાતિ | ૧૪૬ | ૫૭ |
| સા.શૈ.પ. વર્ગ | ૩૭૬ | ૧૫૯ |
| વિકલાંગ (કુલ જગ્યાઓ પૈકી) | ૫૦ | |
| માજી. સૈનિક (કુલ જગ્યાઓ પૈકી) | ૨૦૧ | |
| કુલ ખાલી જગ્યાઓ | ૨૧૨૬ | |

વધુમાં તા. ૨૬/૧૧/૦૯ થી પ્રસિધ્ધ થયેલ વિગતવાર જા. ક્ર: ૦૪/૦૯ ની ફકરા નં ૭(૨) નીચે મુજબ વાંચવા સુધારો કરવામાં આવે છે.

“ મંડળ દ્વારા મળેલ અરજીપત્રકોની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોને સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ભાગ લેવા માટે કોલલેટર ઈસ્યુ કરવામાં આવશે, પરંતુ આખરી પસંદગી યાદી તૈયાર કરતા સમયે કે વિગતવાર નિમણૂક સમયે કે નિમણૂક બાદ પણ જો ઉમેદવાર શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, કેટેગરી, અન્ય લાયકાતમાં વિસંગતતા કે ક્ષતિ જણાશે કે અન્ય કોઇપણ પ્રકારની ખોટી માહિતી આધારે કે કોમ્પ્યુટર ભૂલ/માનવીય ભૂલ આધારે ગેરકાયદેસર રીતે પસંદગી પામ્યાનું જણાશે તો તેવા ઉમેદવારની પસંદગી/નિમણૂક/ઉમેદવારી મંડળ ધ્વારા કોઇપણ તબક્કે “રદ” કરવામાં આવશે.

તા.૨૬-૧૧-૦૯ થી પ્રસિધ્ધ કરેલ જા.ક્ર:૦૪/૦૯ માં ઉકત સુધારાઓ સિવાય અન્ય તમામ બાબતો યથાવત રહે છે જેની અરજદારોએ નોંધ લેવી.

**સચિવ,**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.**

# નાગપુરની પ્રખ્યાત નેશનલ ફાયર સર્વિસ કોલેજમાં પ્રવેશ મેળવવાની તક

# સબ ઓફિસર્સ કોર્સ માટેની પ્રવેશ પરીક્ષા - ૨૦૦૯

**પડકારરૂપ કારકિર્દી પસંદ કરવા ઈચ્છુક યુવાનો માટે નાગપુરની નેશનલ ફાયર સર્વિસ કોલેજમાં પ્રવેશ મેળવવાની તક આવી છે. ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળ સંચાલિત નેશનલ ફાયર સર્વિસ કોલેજમાં ચાલતા સબ ઓફિસર્સ કોર્સમાં પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવામાં આવે છે.**

| અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૧૧-૧-૨૦૧૦ | પ્રવેશ પરીક્ષાની તા. ૨૮-૨-૨૦૧૦ | જાહેરાત નંબર : 1/Training 2010 |
|---|---|---|

❑ **સબ ઓફિસર્સ કોર્સ :** નાગપુરની ફાયર કોલેજ અને તેને સંલગ્ન પ્રાદેશિક તાલીમ કેન્દ્રોમાં ૩૩ સપ્તાહનો સબ ઓફિસર્સ કોર્સ ચલાવવામાં આવે છે. જે પૈકી ૨૧ સપ્તાહ કોલેજ/પ્રાદેશિક તાલીમ કેન્દ્રોમાં અભ્યાસ કરવાનો હોય છે. જ્યારે બાકીના ૧૨ સપ્તાહ દેશના નામાંકીત સાહસોમાં ફાયર સર્વિસમાં પ્રેક્ટિકલ અનુભવ આપવામાં આવે છે.

❑ **પ્રવેશ પરીક્ષા :** સબ ઓફિસર્સ કોર્સ માટે પ્રવેશ પરીક્ષા દેશ ભરમાં નક્કી કરવામાં આવેલા કેન્દ્રો ઉપર **તા. ૨૮-૨-૨૦૧૦ ને રવિવારે** યોજાશે. નિર્ધારીત પરીક્ષા કેન્દ્રના સરનામા વિશેની વિગતવાર જાણકારી યોગ્યતા ધરાવતા ઉમેદવારોને ટપાલ દ્વારા જણાવવામાં આવશે.

❑ **લાયકાતના ધોરણો :**

❑ **વયમર્યાદા :** ઉમેદવારની વય તા. ૧-૭-૨૦૧૦ના રોજ ૧૮ થી ૨૩ વર્ષની હોવી જોઈએ. ઉપલી વયમર્યાદામાં અ.જા./અ.જ.જા. તથા કોઈ પણ ફાયર સર્વિસમાં કાયમી પગાર ધોરણમાં કામ કરતા હોય તેમને પાંચ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. છૂટછાટનો લાભ લેવા ઈચ્છુક ઉમેદવારોએ તે માટે જાતિના દાખલાની નકલ રજૂ કરવાની રહેશે.

❑ **શૈક્ષણિક લાયકાત :** ઓછામાં ઓછું એચ.એસ.એસ.સી./ ઈન્ટરમિડિયેટ (૧૦+૨) અથવા તેને સમકક્ષ શૈક્ષણિક યોગ્યતા. ઉમેદવાર હિન્દી અને અંગ્રેજી બંને ભાષા લખતા, વાંચતા અને વર્ગ ખંડમાં આપવામાં આવતી સૂચનાઓ સમજી શકવા સક્ષમ હોવા જોઈએ.

❑ **શારીરિક માપદંડ :**

✦ ઊંચાઈ : ૧૬૫ સે.મી.થી ઓછી ન હોવી જોઈએ. (પહાડી વિસ્તારોમાં વસતા ઉમેદવારો જેવાં કે, ગોરખા, ગઢવાલી, આસામી, નાગાલેન્ડની જાતિઓ માટે ઊંચાઈ ૧૬૦ સે.મી. હોવી જોઈએ.)

✦ વજન : ૫૦ કિ.ગ્રા.થી ઓછું ન હોવું જોઈએ.

✦ છાતી : ૮૧ સે.મી.થી ઓછી ન હોવી જોઈએ. (છાતીનો ફુલાવો પાંચ સે.મી. હોવો જરૂરી છે.)

✦ દૃષ્ટિ : ૬/૬ હોવી જોઈએ. રંગ અંધત્વ ન હોવું જોઈએ.

**GOVERNMENT OF INDIA, MINISTRY OF HOME AFFAIRS**

## NATIONAL FIRE SERVICE COLLEGE, NAGPUR

**APPLICATION FORM FOR 36TH ENTRANCE EXAMINATION OF SUB-OFFICER COURSE-2009**

### PLEASE REFER TO THE INSTRUCTIONS FOR FILLING EACH ITEM BELOW

**WRITE WITH BLACK/BLUE DOT PEN**

Space for Photograph paste one recent passport size photograph (Counter signature and attestation by Principal/Special Executive Magistrate Head of Dept./Gazetted Officer with Seal)

Candidate's Signature (Signature within the Box only)

1. SURNAME (In English Capital only)
2. FIRST NAME (In English Capital only)
3. FATHER'S/HUSBAND'S NAME (In English Capitals only)
4. DATE OF BIRTH :

| Date | Month | Year | Age as on 01-07-2010 | Years | Months | Days |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

5. CATEGORY :

| UR | OBC | SC | ST |
|---|---|---|---|

(Only SC/ST Candidates must Attach Certificates)

6. FEES : IPO ONLY (DDs will be rejected)

| IPO NO. | DATE | AMOUNT |
|---|---|---|
| | | |

7. POSTAL ADDRESS (IN CAPITAL)

CITY :

STATE : PIN :

8. EXAMINATION CENTRE (✓) TICK ONLY ONE

| | | |
|---|---|---|
| 1 | MUMBAI | ☐ |
| 2 | NEW DILHI | ☐ |
| 3 | CHENNAI | ☐ |
| 4 | KOLKATA | ☐ |
| 5 | NAGPUR | ☐ |

9. WHETHER YOU ARE WORKING IN REGULAR FIRE SERVICE :
10. WHETHER YOUR PARENTS ARE SERVING IN N.F.S. COLLEGE, NAGPUR :
11. EDUCATIONAL QUALIFICATION :

| Sl. No. | Examination | Year | University/Board | Division/Class | Subjects |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |

12. PHYSICAL STANDARD :

| Height in cms. | Weight in Kg. | Chest (in cms.) | | Vision | |
|---|---|---|---|---|---|
| | | Normal | Expanded | Right | Left |
| | | | | | |

13. State whether convicted by Court of Law or any disciplinary proceedings panding against you, if yes, give full details.
14. State if any disciplinary action taken against you by the Board/University, if yes, give full details.
15. I hereby declare that all statements made in the application are true, complete and correct to the best of my knowledge and belief. I understand that in the event of any information being found false or incorrect, my candidature for the examination and subsequent admission to the college is liable to be rejected or cancelled.

Place :

Date :

(Counter signature and attestation by Principal/Special Executive Magistrate/ Head of Dept./Gazetted Officer with Seal)

Signature of the Candidate

❑ **તબીબી પરીક્ષણ :** લેખિત પરીક્ષામાં સફળ થનાર ઉમેદવારોના તૈયાર થયેલા મેરીટ લીસ્ટ મુજબ ઉમેદવારોને તબીબી ચકાસણી માટે બોલાવવામાં આવશે. તબીબી ચકાસણીમાં અનફીટ જાહેર થનાર ઉમેદવારને પ્રવેશ મળી શકશે નહિ.

❑ **મહિલા ઉમેદવારો માટે :** ઊંચાઈ ૧૫૭ સે.મી., વજન ૪૬ કિ.ગ્રા. થી ઓછું ન હોવું જોઈએ. દૃષ્ટિ ૬/૬ હોવી જોઈએ. રંગ અંધત્વ ન હોવું જોઈએ.

❑ **અરજી ફી :** બિનઅનામત ઉમેદવારોએ અરજી ફી તરીકે **રૂા. ૧૦૦** ચૂકવવાના રહેશે. અ.જા./અ.જ.જા. વર્ગના ઉમેદવારોએ અરજી ફી તરીકે **રૂા. ૨૫** ચૂકવવાના છે. અરજી ફી ભારતીય પોસ્ટલ ઓર્ડરના માધ્યમથી ચૂકવવાની છે. ડિમાન્ડ ડ્રાફટ દ્વારા મોકલવામાં આવેલી અરજી ફી સ્વીકારવામાં નહિ આવે.

❑ **પરીક્ષા :** લેખિત પરીક્ષા એક જ દિવસે બે સત્રમાં લેવામાં આવશે. પ્રશ્નો હિન્દી અને અંગ્રેજી બંને ભાષામાં પૂછવામાં આવશે. ઉમેદવારો જવાબો પણ હિન્દી અથવા અંગ્રેજીમાં આપી શકશે. પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના રહેશે તથા તેનું ધોરણ માધ્યમિક (૧૦+૨) કક્ષાનું રહેશે.

✦ **પ્રથમ સત્ર :** પ્રથમ સત્રમાં સામાન્ય અંગ્રેજી અને સામાન્ય જ્ઞાનને લગતા પ્રશ્નો પૂછાશે.

✦ **બીજુ સત્ર :** સામાન્ય વિજ્ઞાન અને ગણિતને લગતાં પ્રશ્નો પૂછવામાં આવશે.

❑ **પરીક્ષા કેન્દ્રો :** લેખિત પરીક્ષા મુંબઈ, નવી દિલ્હી, કોલકતા, ચેન્નાઈ અને નાગપુર ખાતે જ યોજાશે. માત્ર લાયકાત ધરાવતા ઉમેદવારોને જ કોલ લેટર મોકલવામાં આવશે. ઉમેદવારે કોઈપણ એક કેન્દ્ર પસંદ કરવાનું રહેશે. કોલેજને યોગ્ય લાગશે તો કેન્દ્ર બદલવામાં આવશે.

❑ **બેઠકો :** નાગપુર ફાયર સર્વિસ કોલેજમાં કુલ ૬૦ બેઠકો ઉપલબ્ધ છે. એટલે કે દરેક સબ ઓફિસર્સ કોર્સમાં ૩૦ બેઠકો છે. જેમાં પાંચ બેઠકો અ.જા./અ.જ.જા. અને બે બેઠકો નેશનલ ફાયર સર્વિસ કોલેજના મૃત્યુ પામેલા/હયાત કર્મચારીઓના બાળકો માટે અનામત છે. સબ ઓફિસર્સ કોર્સ કુલ બે બેચમાં શરૂ થશે. દરેક બેચમાં ૩૦ ઉમેદવાર રહેશે. બેચ જુલાઈ-૨૦૧૦ અને જાન્યુઆરી-૨૦૧૧માં શરૂ થશે.

✦ ઉમેદવારોને કોઈપણ પ્રકારનું ટી.એ./ડી.એ. ચૂકવવામાં નહિ આવે.

❑ **કોર્સમાં પ્રવેશ :** ઉમેદવારે લેખિત પરીક્ષામાં કરેલા દેખાવના આધારે તૈયાર થયેલ મેરીટ લીસ્ટમાં સામેલ અને તબીબી ચકાસણીમાં ફીટ જાહેર થયેલા ઉમેદવારો જ પ્રવેશ પાત્ર બનશે. પસંદગી પામેલા ઉમેદવારોને જ વ્યક્તિગત ધોરણે ટપાલથી જાણ કરવામાં આવશે.

❑ **ઓનલાઈન રજીસ્ટ્રેશન :** ઉમેદવાર પ્રવેશ પરીક્ષા માટે વેબસાઈટ : **www.nfscadmission.com** ઉપર ઓન લાઈન રજીસ્ટ્રેશન કરાવી શકે છે. વધુ જાણકારી માટે પણ વેબસાઈટ જોઈ શકાશે.

❑ **મહત્ત્વની સૂચનાઓ :**

✦ ઉમેદવારોએ એ-૪ સાઈઝના પેપરમાં અરજી કરવી.

✦ ઉમેદવારોએ જાહેરાતમાં દર્શાવેલ નમૂનાની ઝેરોક્ષ મોકલવી નહિ.

✦ ઉમેદવારોએ અરજી ફોર્મમાં નિર્ધારીત જગાએ બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો ચોંટાડવો. પીન/સ્ટેપલર મારવી નહિ.

✦ ઉમેદવારોએ ફોટોગ્રાફસ અને સ્વયંની સહી ગેઝેટેડ અધિકારી, પ્રિન્સીપાલ, સ્પેશિયલ એક્ઝિક્યૂટીવ મેજીસ્ટ્રેટ, ખાતાના વડા દ્વારા પ્રમાણિત કરાવવાની રહેશે. અન્યથા અરજી રદ થશે.

✦ અધૂરી વિગતો ધરાવતી અરજીઓ રદ કરવામાં આવશે. આ અંગે ઉમેદવારોને કોઈ જાણ કરવામાં નહિ આવે.

✦ અરજી મોકલવાના કવર પર **"APPLICATION FOR ENTRANCE EXAMINATION FOR 36TH SUB-OFFICERS COURSE-2009"** લખવું

✦ પ્રવેશ પરીક્ષા માટે યોગ્યતા ધરાવતા ઉમેદવારોને જ પ્રવેશ પત્ર મોકલવામાં આવશે.

✦ કોર્સ રેસિડેન્શીયલ પ્રકારનો હોવાથી પુરૂષ ઉમેદવારોએ રહેવા - જમવાની સુવિધા ફરજિયાત સ્વીકારવાની રહેશે. મહિલા ઉમેદવારોએ રહેવા - જમવાની વ્યવસ્થા સ્વયં કરવાની રહેશે.

✦ **તબીબી ચકાસણી વખતે ઉમેદવારે બધા અસલ પ્રમાણપત્રો અને બે ફોટોગ્રાફ સાથે લાવવાના રહેશે.**

❑ **અરજી મોકલવાનું સરનામું :**

**Director,**
**National Fire Service College,**
**Civil Lines, Nagpur-440 001**
**(Maharashtra)**

ડાયરેક્ટર

## ભરતી મેળા ઈન્ટરવ્યૂ

✦ માનવીને મેળાનું આકર્ષણ સદીઓથી છે, પછી તે ઉત્સવ મેળો FAIR હોય કે વ્યાપાર મેળો. પસંદગીના બહોળા અવકાશ માટે લગ્નમેળાઓના આયોજન થાય છે. નોકરી અને ઉમેદવારોની યોગ્ય સિલેકશન પ્રથાના વિકાસ સાથે રિક્રૂટમેન્ટ રેલીનો પ્રારંભ થયો, જે સમયાંતરે ભરતી મેળાના સ્વરૂપે માન્ય થયેલ છે. રોજગાર ભરતી મેળા સમયે ઉમેદવારોની પસંદગી માટે જુદા જુદા ટેસ્ટ કસોટી લેવાય છે તે ભરતી મેળા ઈન્ટરવ્યૂ છે.

✦ ભરતી મેળાના આયોજન વખતે બહોળો માનવ સમૂહ કેટલીક વખતે એકત્ર થાય છે. કોઈક વખતે તોફાન કે અકસ્માતના સમાચાર પણ જાણવા મળે છે. આ ભરતી મેળાને તેથી જ આયોજનબધ્ધ સ્વરૂપે ઈન્ટરવ્યૂના વિવિધ તબકકામાં વહેંચીને મોલ ઘટાડાના આગવા રૂપથી 'ભરતી મેળા ઈન્ટરવ્યૂ'નુ રૂપ અપાય છે.

✦ આપણે ત્યાં સંરક્ષણ પોલીસદળ તથા ઔદ્યોગિક ક્ષેત્રમાં ભરતી મેળાનું પ્રમાણ વિશેષ છે. ભરતી મેળાના આયોજકો વેકેન્સી ખાલી જગ્યાઓનો અંદાજ સર્વે કરે છે. અને તે પ્રમાણે ઉમેદવારોને મર્યાદિત કે ઓપનલી ઈન્ટરવ્યૂ માટે આમંત્રણ આપે છે. પ્રાથમિક કે આખરી પસંદગી એક કે વધુ દિવસો ચાલે છે. પસંદગી બાદ નોકરી રોજગારી ઓફર થાય છે. મોટા ભાગે ત્રણ પ્રકારના ભરતી મેળાઓના ઈન્ટરવ્યૂ થાય છે. (1) લશ્કરી-અર્ધલશ્કરી (સંરક્ષણ) (2) ઔદ્યોગિક - વ્યાપારિક મેળા (3) એપ્રેન્ટિસ સહાયક મેળા. આ મેળા ઈન્ટરવ્યૂની વિગતો જોઈએ.

✦ **સંરક્ષણ - અર્ધ સંરક્ષણ ભરતી મેળા :** સંરક્ષણ દળની ત્રણ પાંખો - વિંગ આર્મી, નેવી, એરફોર્સની વર્ગ ૩ અને ૪ની ભરતી માટે ભરતી કચેરીઓ કાર્યરત છે. આર્મી ભરતી કચેરી નજીકમાં અમદાવાદ, જામનગરમાં છે. એરફોર્સ ભરતી કચેરી મુંબઈ ખાતે છે. આ કચેરીઓ તરફથી જિલ્લા તંત્રના સહયોગમાં લશ્કરી ભરતી મેળા, એરમેન ભરતી મેળા જિલ્લા તાલુકા મથકે મોટાભાગે પોલીસ કે શાળા-કોલેજના ગ્રાઉન્ડમાં થાય છે. આ ઓપન ભરતી મેળા હોય છે. તેનો માર્ગદર્શન પ્રચાર ગુજરાતમાં મોટિવેશનની વધુ જરૂરી હોવાથી થાય છે. BSF-બોર્ડર સિકયોરિટી ફોર્સ, સીઆરપીએફ, રાજ્ય પોલીસ દળના ભરતી મેળા પણ યોજવામાં આવે છે. વેકેન્સીની જગ્યાની સંખ્યા વધુ હોવાથી જ ભરતી મેળા થાય છે. તેથી આવા મેળામાં ઈન્ટરવ્યૂ ટેસ્ટને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે. (1) શારીરિક વ્યાયામ કસોટી (2) તબીબી તપાસ (3) લેખિત પરીક્ષા, શારીરિક વ્યાયામમાં સૌપ્રથન દોડ તથા બાદમાં ઉંચા કૂદકા, પુલઅપ્સ વગેરે થાય છે. આમાં સફળ થનારની સર્વગ્રાહી તબીબી કસોટી થાય છે. આ કસોટીમાં સફળ થનારને લખિત હેતુલક્ષી પરીક્ષામાં એપીયર કરાય છે. જે ઉત્તીર્ણ થનારને લાયકાત મુજબ સૈનિક, કલાર્ક, સ્ટોરકીપર, ઓપરેટર, ટ્રેડમેન, રસોઈયા જેવી જગ્યાઓ પરની નોકરી માટે તાલીમમાં મોકલાય છે. આ ઈન્ટરવ્યૂ અઘરા નથી. હિન્દીનો થોડો મહોવરો જોઈએ. પરીક્ષાનું સાહિત્ય પ્રાપ્ત છે. રોકાણ ૧ થી ૫ દિવસ સુધીનું થવા જોય છે. સામાજિક, સ્વૈચ્છિ, NGO સંસ્થાઓએ આ ભરતી મેળામાં આવતા નીચલા મધ્યમવર્ગના ઉમેદવારોને પાણી, ફૂડપેકેટ, રાત્રી રોકાણ, પૂર્વ તાલીમ જેવી સેવાઓ માટે આગળ આવવું જોઈએ તેવી લાગણી જોવા મળતી હોય છે.

**ઈન્ટરવ્યૂ ટેકનિક્સ**
**આર. એન. કોટક**

✦ **ઔદ્યોગિક - વ્યાપારિક ભરતી તથા એપ્રેન્ટિસ ભરતી મેળા :** ઉદ્યોગ ક્ષેત્રમાં, વ્યાપારમાં સીઝનલ કે માર્કેટીંગમાં તથા એપ્રેન્ટિસ તે શિક્ષણ સહાયક તરીકેની ભરતીમાં મેળાઓનું આયોજન યોગ્ય કે તાત્કાલિક પસંદગી માટે થાય છે. સરકારી વિભાગો આ ઉદ્યોગ વ્યાપાર શિક્ષણ મંડળો સહયોગથી પોતાના વિસ્તારની મેનપાવરની જરૂરત મુજબ આવા ઈન્ટરવ્યૂ મેળા ગોઠવે છે. સ્થળ ઉપર ઉદ્યોગ વ્યાપારના પ્રતિનિધિઓ GIDC, વસાહત હોલ કે કોઈ સંસ્થા ખાતે એકત્રિત ઉમેદવારોમાં યોગ્ય સિલેકશન કરે છે.

## જોબ એપ્લિકેશન

✦ ઉદારીકરણ અને વૈશ્વિકરણના નવા **માહોલ**માં વ્યક્તિગત મહત્વાકાક્ષા અને સ્પર્ધા વધી છે. અન્ય બજારોની સાથે જોબ માર્કેટમાં પણ તાવ્ર હરીફાઈ છે ત્યારે વ્યક્તિને રોજગારી પ્રાપ્યતાના અંતિમ સ્ટેશન 'ઈન્ટરવ્યૂ' સુધી પહોંચાડનાર છે જોબ એપ્લિકેશન અને ઈન્ટરવ્યૂની મહત્તા જાણવા મળે છે. મારા સિનિયર સિટીઝન મ્ત્રો આ મહત્તા વિશેષ જાણે છે. જોબ માટેની અરજીની પ્રથા વર્ષોથી છે. જ્યારે જોબ કે કામની અછત ન હતી પણ યોગ્ય ઉમેદવારોની અછત કે તંગી પ્રવર્તતી હતી ત્યારે પણ એપ્લિકેશન પ્રથા તો હતી જ. વિનંતી - આજીજીથી જોબ કે કામ મળતા. કદાચ આજીજી શબ્ધ પરથી અરજી શબ્દ થયો હશે.

✦ જોબ એપ્લિકેશન એટલે કામ નોકરી સેવા કે વેકેન્સી માટેની અરજી એવો થાય છે. આ અરજી પધ્ધતિસરની હોવી આવશ્યક હોય છે. તેથી તેનું ફોર્મેટ સ્વરૂપ થયું. તેમાંથી ફોર્મ કે નિયત અરજીપત્ર અમલી બન્યું. આથી જોબ એપ્લિકેશનના બે ભાગ કે પ્રકાર છે. (1) સ્વનિર્મિત અરજી (2) નિયત અરજીપત્ર પધ્ધતિમાં રોજગાર વાંચ્છુને તનાવ નથી. સુવાચ્ય-સારા અક્ષરે નિયત અરજીપત્ર ભરીને યોગ્ય બિડાણો સાથે સમયસર જે તે સ્થળે પહોંચાડીએ એટલે કાર્ય પૂર્ણ થાય છે. ઈન્ટરવ્યૂની રાહ જોવાની અને પૂર્વ તૈયારી કરવાની રહે છે. સ્વનિર્મિત અરજીમાં (1) એપ્લિકેશન (2) બાયોડેટા (3) કરિક્યુલમ વિટાએ (4) રિઝયુમના સામાન્યતઃ ૪ પ્રકાર છે.વિગત જોઈએ.

✦ **એપ્લિકેશન (અરજી) :** આ જોબ એપિલ્કેશનનું સાદું સ્વરૂપ છે. બ્લેન્ક પેપરમાં હાંસિયો રાખીને જાહેરાત કે માંગણી મુજબ સ્વહસ્તાક્ષર કે ટાઈપ કમ્પ્યૂટરાઈઝડથી આ અરજી તૈયાર થાય છે. જાહેરાતમાં નમૂનો ફોર્મેટ આપેલ હોય તો તે પ્રમાણે અરજી તૈયાર કરવી. માગ્યા સિવાયની કે વધુ પડતી વિગતો આપવાનું ટાળવું સિવાય કે આપણે જોબ મળવામાં લાભપ્રદ હોય. બિડાણો - ફોટોગ્રાફ સૂચના મુજબ આપવા જોઈએ.

✦ **બાયોડેટા :** બાયોડેટા એટલે એપ્લિકાંટની જોબ મેળવવા સંબંધિત વિગતોનું પધ્ધતિસરનું જાતે જરૂરત મુજબ તૈયાર કરેલું ફોર્મેટ છે. આ તૈયાર રેડીમેડ પત્રક જાહેરાત વિના પણ નોકરીદાતા કંપનીને મોકલાય છે. આ ફોર્મેટનો આજકાલ વિશેષ ઉપયોગ નથી. કેમ કે બાયોડેટાનો હવેથી ભલામણ રેકમન્ડેશન અથવા સામાજિક વ્યવહારમાં વધુ વપરાશ છે. જો કે જોબ માટે ઉપયોગી છે.

✦ **કરિકયુલમ વિટાએ રિઝયુમ :** મેનપાવર મેનેજમેન્ટમાં સીવી કે રિઝયુમ એ અદ્યતન એપ્લિકેશન પ્રકાર છે. જોબ માટે ધ્યાનાકર્ષક અરજી સાયન્ટિફિક મેથર્ડથી તૈયાર થાય છે. ઉમેદવારની જોબ અપેક્ષા અને લાક્ષણિકતાને આવરી લેવાય છે. સીડી પણ બને છે જોબ કન્સલ્ટન્ટ તો વેબસાઈટ ઉપર રિઝયુમ બલાસ્ટર પણ મોટાં શહેરોમાં બનાવે છે. વર્લ્ડ પ્રોસેસર ઉપર લેસર પ્રિન્ટથી આઈ-કેચિંગ રીતે તૈયાર થતી અરજીઓ ઉચ્ચ કક્ષાની તથા ફોરેન જોબ માટેની ઉપયોગી થાય છે. ઈમેજ બિલ્ડિગ મહત્વનું છે. ઈન્ટરવ્યૂ કલા છે તેમ ધ્યાનાકર્ષક અરજી કરવાની પણ કળા છે.

## સી. વી. - રિઝયુમ - મોડેલ

✦ CV કરિક્યુલમ વિટાએ તથા રિઝયુમ આ બન્ને જોબ એપ્લિકેશનના અધતન પ્રકાર છે. વ્યક્તિના જીવનનું પ્રતિબિંબ છે. લક્ષ્યસિધ્ધિનું અગત્યનું સોપાન છે. તેથી તે તૈયાર કરવામાં સંપૂર્ણ કાળજી રાખવી પડે. CV રિઝયુમ પર જે તે કંપની સંસ્થાના નામનાં નાનાં સાદા આકર્ષક કવરિંગ લેટરની પ્રથા છે. અરજીની છેલ્લી તારીખ બાદ આશરે એક માસ બાદ વ્યક્તિની અરજીની પરિસ્થિતિ જાણવા ફોલોઅપ લેટર - અનુવર્તી પત્ર વિનંતી સ્વરૂપે લખી શકાય છે. IT કમ્પ્યુટર શોપ CV Resume ઈત્યાદિ તૈયાર કરી આપે છે. સી. વી. મોડેલની વિગત જોઈએ.

**POST : CHEM ANALYSTS**

### MOCK C.V./RESUME

**1. Personal :**

1.1 NAME : Mr. SUJAL TARUN THAKKER
1.2 ADDRESS : 3/123, JANMABHOOMI TOWER,KALAWAD ROAD, RAJKOT 360 005 (GUJARAT)
1.3 PHONE: (0281) 2581768 (R.)
1.4 E-Mail: Sujalphd@yahoo.com-
1.5 Birth Date : 3 January, 1977.
1.6 Gender: Male
1.7 Marital Status : Single

**2. Professional Qualifications:**

| | Examination | University | % Marks (Result) | Year | Specialization |
|---|---|---|---|---|---|
| 2.1 | Ph.D. | Saurashtra | Awaited | 2002<br>2003 | Polution control:<br>Public Health |
| 2.2 | M.Sc. (org. chem) | Saurashtra | 73 % | 2001 | — |
| 2.3 | B.Sc. (org. chem) | Saurashtra | 70% | 1999 | — |

**3. Academic Background :**

| | Examination | Board | Marks % | Year |
|---|---|---|---|---|
| 3.1 | H.S.C.E. | CBSE | 60.5 % | 1990 |
| 3.2 | S.S.C.E. | CBSE | 70.5 % | 1994 |

**4. Objectives:**

Desire to research extensively in the subject to help human health through R & D of reputed organisation or industry.

**5. Achievements :**

First Prize for Academic Excellence in M.Sc. Award for best article in English daily on science. 1st Prize in Public Speaking contest of z club.

**6. Membership :**

Member of Lok Vigyau Centre. Hon. Secretary ot ABC Youtii Club.

Place: Rajkot

Date : 9.12.2002 (S. T: Thakker)

✦ આ નમૂનારૂપ અરજી - મોડેલ સી. વી. કે રિઝયુમ છે. કાલ્પનિક છે. કેમિસ્ટ્રીમાં Ph. D સુધી પહોંચેલ એવરેજ એકેડેમિક રેકોર્ડ ધરાવતા ઉચ્ચ મધ્યમ વર્ગનો આ બાયોડેટા છે. CV અંગ્રેજીમાં જ આપવો સિવાય કે ગુજરાતીનો જે તે સંસ્થાનો આગ્રહ હોય. આ મોડેલમાં જગ્યા જાહેરાત મુજબ ફેકટસ સિવાય ફેરફારને અવકાશ છે. ચુસ્તતાનો આગ્રહ ટાળવો નહીં. હવે આઈટમ મુજબ નિરૂપણ.

✦ **નામ :** પૂરું નામ કેપિટલમાં અટકને અન્ડરલાઈન કરી લખો. મિસ્ટર, મિસ, મિસિસ લખો. ગુજરાત બહાર Mr. S. T. THAKKER લખવું જેથી S. TARUN T. ન થઈ જાય.

✦ **સરનામું :** રાજ્ય સહિત પૂરું સરનામું આપો C/o કેર ઓફ ટાળવું. ફોન નંબર STD કોડ ઈ-મેલ લખો.

✦ **જન્મ તારીખ :** સ્પષ્ટ લખો. વર્ષ અને દિવસો ન લખવા.

✦ **મેરિટલ સ્ટેટસ :** સિંગલ મેરીડ જે હોય તે લખીએ. ડાયવોર્સી જેવી ઈમોશનલ સ્થિતિ ટાળવી અથવા ઈન્ટરવ્યૂમાં ચર્ચા થાય તો સ્પષ્ટતા કરવી.

✦ **શૈક્ષણિક લાયકાત :** હવે આ કોલમમાં પ્રોફેશનલ તથા એકેડેમિક બે ભાગમાં વહેંચાઈ છે. લાયકાતનો ક્રમ લેટેસ્ટ લાયકાતથી શરૂ કરી નીચે ઉતરાય છે. આટલા લાંબા અભ્યાસ બાદ સંબંધિત ભાષાની જાણકારી હોય તેથી માગે તે સિવાય તે વિગતો ટાળવી. અનુભવ માગેલ હોય તો અલગ વિભાગથી લખવો.

✦ **ઓબ્જેકિટવ્ઝ :** નવા ટ્રેન્ડ મુજબ મોટી કંપની હેતુ જણાવવા કહે છે. તો સંક્ષિપ્તમાં હકીકતથી વિગતો આપવી. સ્વપ્નામાં રાચવાની જરૂર નથી. ઊડવું નહી.

✦ **સિધ્ધિ :** શાળા-કોલેજ દરમિયાનની જગ્યાને લગતી મર્યાદિત એચિવમેન્ટ લખવી. બાકી ઈન્ટરવ્યૂ માટે રાખવી.

✦ **સભ્યપદ :** સંસ્થાના સભ્યપદને ખૂબ મહત્વ અપાય છે. સભ્ય થવું. ભાગ લેવો. CVમાં ટૂંકી વિગતો આપવી.

✦ **અપેક્ષિત પગાર તથા રેફરન્સ :** જો જાહેરાતમાં માંગે તો આપવા અન્યથા નહીં. CV અત્રે સંક્ષિપ્તમાં છે. એક કે બે પાનથી ન જ વધવો જોઈએ. સહી કરવી તારીખ લખવી ઈચ્છવા યોગ્ય છે. કવરિંગ ફોલો પત્રની ચર્ચા કરેલ નથી.

*(લેખક નિવૃત નાયબ રોજગાર નિયામક છે)* ●

# દક્ષિણ-પૂર્વીય રેલવે : કોલકત્તા
# રમતવીરો માટે ગ્રુપ 'સી' ની ભરતી

દક્ષિણ-પૂર્વીય રેલ્વે ધ્વારા વિવિધ રમતમાં પ્રતિભાશાળી રમતવીરો પાસેથી ગ્રુપ 'સી' ની જગ્યાઓ ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવામાં આવે છે.

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૨-૧-૨૦૧૦ | જા.ક.નં. 03/SER/Sports/2009-10 | જગ્યાની કુલ સંખ્યા : ૧૨

❑ **જગ્યાઓની વિગતો :**

| Sl. No. | Category | No. of Gr. 'C' Post | Position/Special Skill |
|---|---|---|---|
| 1. | Kabaddi(Men) | 01 | |
| 2. | Kabaddi(Women) | 01 | |
| 3. | Athletics(Men) | 02 | One sprint & one long distance runner |
| 4. | Athletics(Women) | 02 | Sprinter |
| 5. | Ball Badminton(Men) | 02 | One frontline & one backline |
| 6. | Weight Lifting(Men) | 02 | |
| 7. | Hockey(Men) | 02 | One forward & one full back |

❑ **પગાર ધોરણ :** ગ્રુપ 'સી' માં રૂા. ૫૨૦૦-૨૦૨૦૦ + રૂા. ૧૯૦૦ ગ્રેડ પે

❑ **યોગ્યતાનું લઘુત્તમ ધોરણ :**

♦ રમતવીરે નીચે દર્શાવેલ પૈકી કોઇ એક રમતની સિધ્ધિ મેળવેલી હોવી જોઇએ.

♦ આંતરરાષ્ટ્રિય સ્પર્ધાઓ જેવી કે, ઓલમ્પિક ગેમ્સ, વર્લ્ડ કપ, વર્લ્ડ ચેમ્પિયનશીપ, એશિયનગેમ્સ અને કોમનવેલ્થમાં રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કર્યું હોય **અથવા**

♦ જુનિયર/સિનિયર નેશનલ ચેમ્પિયનશીપમાં રાજ્ય અથવા તેને સમકક્ષ એકમનું પ્રતિનિધિત્વ કર્યું હોવું જોઇએ તેમજ ઓછામાં ઓછું ત્રીજું સ્થાન મેળવેલું હોવું જોઇએ **અથવા**

♦ ભારતીય યુનિવર્સિટીઓના સંગઠન ધ્વારા આયોજિત ઓલ ઇન્ડિયા ઇન્ટર-યુનિવર્સિટી ચેમ્પિયનશીપમાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું હોવું જોઇએ તેમજ વ્યક્તિગત ઇવેન્ટમાં ઓછામાં ઓછું ત્રીજું સ્થાન અને ટીમ ઇવેન્ટમાં ઓછામાં ઓછું બીજું સ્થાન મેળવેલું હોવું જોઇએ **અથવા**

♦ ફેડરેશન કપ ચેમ્પિયનશીપ (સિનિયર કેટેગરી) માં રાજ્ય અથવા સમકક્ષ એકમનું પ્રતિનિધિત્વ કર્યું હોવું જોઇએ અને ઓછામાં ઓછું પ્રથમ સ્થાન મેળવેલું હોવું જોઇએ **અથવા**

♦ આંતરરાષ્ટ્રિય ચેમ્પિયનશીપ, કોમનવેલ્થ ચેમ્પિયનશીપ અને એશિયન ચેમ્પિયનશીપમાં રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કર્યું હોવું જોઇએ તથા ઓછામાં ઓછું ત્રીજું સ્થાન મેળવ્યું હોવું જોઇએ.

♦ ઉપર દર્શાવેલ શાખા /કેટેગરીમાં નિર્ધારિત વય જુથ પ્રમાણે જુનિયર નેશનલ ચેમ્પિયનશીપમાં મેળવેલી સિધ્ધિ રેલ્વે બોર્ડના નવા આદેશ અન્વયે સ્પોર્ટ ક્વોટા માટે વિચારણામાં લઇ શકાશે

❑ **શૈક્ષણિક લાયકાત :** મેટ્રીક્યુલેશન અથવા સમકક્ષ.

❑ **વય મર્યાદા :** તા.૧-૧-૨૦૧૦ ના રોજ ૧૮ થી ૨૫ વર્ષ.

❑ **રમતમાં સિધ્ધિ માટેની યોગ્યતા :**

♦ ઉપર દર્શાવેલ તમામ ચેમ્પિયનશીપ આંતરરાષ્ટ્રિય/રાષ્ટ્રિય/રાજ્ય સ્પોર્ટસ એસોસિએશનના સંગઠન ધ્વારા માન્ય હોવી જોઇએ તથા RSPB ધ્વારા પણ માન્ય હોવી જોઇએ.

♦ માત્ર સિનિયર અને જુનિયર નેશનલ ચેમ્પિયનશીપ જ માન્ય ગણવામાં આવશે.

♦ રાષ્ટ્રિય, ગ્રામ્ય, તહેવાર પ્રસંગે યોજાતા મેળાવડા, રાષ્ટ્રિય રમત સ્પર્ધાઓ તેમજ તેના જેવી સ્પર્ધાઓમાં મેળવેલી રમત સિધ્ધિઓ માન્ય રાખવામાં નહી આવે.

♦ તા.૧-૪-૨૦૦૭ બાદના બે વર્ષ અને ચાલુ વર્ષે દા.ત. ૨૦૦૯-૧૦ માં યોજાયેલ સ્પર્ધાઓમાં મેળવેલી સિધ્ધિઓ જ માન્ય રાખવામાં આવશે. હાલમાં પણ સક્રિય રમતવીર હોવા જોઇએ. તે માટે ફિલ્ડ ટ્રાયલમાં ચકાસણી કરાશે. તેના અંતિમ દિવસે નિષ્ફળ જનાર ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે.

♦ ઉમેદવારોની પસંદગી ફિલ્ડ ટ્રાયલ અને ઇન્ટરવ્યુ ધ્વારા થશે.

♦ અરજી સાથે અરજી ફી તરીકે **રૂા.૪૦**નો બિન પરત મળવાપાત્ર બેંક ડ્રાફ્ટ "FA and CAO, South Eastern Railway", Garden Reach Road, Kolkata-700043' ના નામનો અને કોલકત્તા ખાતે ચૂકવવાપાત્ર બીડવાનો રહેશે. અ.જા./અ.જ.જા. વર્ગના ઉમેદવારોએ અરજી ફી ચૂકવવાની નથી.

♦ પરીક્ષાની ટ્રાયલ અને તારીખ/ ઇન્ટરવ્યુના સ્થળ વિશેની જાણકારી યોગ્ય ઉમેદવારોને કોલ લેટર ધ્વારા જણાવવામાં આવશે.

♦ અરજી જાહેરાતમાં દર્શાવેલ નિયત નમૂના મુજબ એ-૪ સાઇઝના કાગળમાં તૈયાર કરી જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ, પાસપોર્ટ સાઇઝના ફોટા સાથે નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવાની રહેશે.

**Dy. CPO (Recruitment),**
**South Eastern Railway, Garden Reach Road,**
**Kolkata-700043**

♦ અરજી મોકલવાના કવર પર જે જગ્યા માટે અરજી કરી હોય તે ઇવેન્ટનું નામ અને કેટેગરીનો ઉલ્લેખ કરવો તેમજ 'Application for recruitment on Sports quaota 2009-10' લખવું. ♦ ટ્રાયલ અને ઇન્ટરવ્યુના દિવસે ઉમેદવારે બધા જ પ્રમાણપત્રોની અસલ નકલ સાથે લાવવી જરૂરી છે. તેના વિની વિના ટ્રાયલમાં પ્રવેશ મળશે નહીં. ♦ ટી.એ./ડી.એ. રહેઠાણની વ્યવસ્થા મળશે નહીં.♦ટ્રાયલ વખતે ઉમેદવારે સ્વયંની સ્પોર્ટસ કીટ, બે પાસપોર્ટ સાઇઝના પ્રમાણિત ફોટા સાથે લાવવાના રહેશે.♦ ઉમેદવારે ટ્રાયલ સ્થળે ૨-૩ દિવસ રોકાવવાની સ્વયંની વ્યવસ્થા સાથે આવવાનું રહેશે.♦તબીબી રીતે ફીટ જાહેર થનાર ઉમેદવારની જ અંતિમ પસંદગી માટે વિચારણા થશે.♦ પસંદ થયેલ ઉમેદવારની દક્ષિણ પૂર્વીય રેલ્વેના કાર્યક્ષેત્રમાં ગમે ત્યાં નિમણૂક થઇ શકશે.

**ડે. ચીફ પર્સોનલ ઓફિસર** (રિક્રૂટમેન્ટ) ●

## Format for Application

South Estern Railway Sports Association
11,Garden Reach Road, Kolkata-700 043.
Application for recruitment against sports quota for the year 2009-10
Employment Notice No. 03/SER/Sports/2009-10

Category applied for Gr. 'C' [ ] Event : [ ]

To
The Dy.Chief Personnel Officer (Rectt.)
South Eastern Railway,
11,Garden Reach Road,
Kolkata-700 043.

[Affix Photograph duly signed]

1. Name
   (in block letters) : ..................................
   (in English and Hindi) : ..................................
2. Father's Name : ..................................
3. Address for communication
   (in English only) : ..................................
   ..................................
   Pin Code ..................................
4. (a) Date of birth : [ ][ ] [ ][ ] [ ][ ][ ][ ]
   (enclose attested certificate)
   (b) Present age as on 01.01.2010 ______ Year ______ Months ______ Days
5. Natonality : ..................................
6. Educational qualification : ..................................
   (enclose attested certificates)
7. Community (SC/ST/OBC) : ..................................
8. Game : a) Name of Discipline : ..................................
   b) Playing position : ..................................
9. Brief of Sports Achievements with copies of certificates (duly attested) : 2007 - 08 ..................................
   (i) ______________, (ii) ______________
   : 2008 - 09 ..................................
   (i) ______________, (ii) ______________
10. Bank Draft : Amout .................. Issued by ..................
    No. ..................................
    Date ..................................
11. Nearest Railway Station : ..................................
12. Nearest Railway Zone : ..................................

**Declaration :** I hereby declare that whatever stated above in my application is true to the best of my knowledge and belief. If anytihing is found incorrect or false, my candidature is liable to be rejected and if anying incorrect or false detected after my selection and appointment my service is liable to be terminated, without assigning any reason.

Total No. of enclosures : ..................................

Date : .................................. ..................................
(Signature or applicant)

# ગુજરાત જાહેર સેવા આયોગ

**ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ના ઈન્ટરવ્યૂ**
**૧૮મી જાન્યુઆરીથી શરૂ થશે**

ગુજરાત મુલ્કી સેવા, વર્ગ-૧/૨ની જાહેરાત ક્રમાંક : ૮૭/૨૦૦૬-૦૭ની રૂબરૂ મુલાકાત તા. ૧૮-૦૧-૨૦૧૦ થી શરૂ થનાર છે, જેની સંબંધકર્તા ઉમેદવારોએ નોંધ લેવી.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**મહાનગર સેવા સદન**

**જાહેર ખબર ક્રમાંક : ૧૩/૨૦૦૯-૧૦**

વહીવટી કેડરની નીચે જણાવેલ જગ્યા માટે પ્રતિક્ષા યાદી બનાવવા લાયકાત ધરાવતા તમામ જાતિના ઉમેદવારો પાસેથી નિયત ફોર્મમાં **આસી. મેનેજર, સેન્ટ્રલ ઓફિસ, સરદાર પટેલ ભવન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ-૧ને તા. ૮-૦૧-૨૦૧૦** સુધીમાં મળે તે રીતે અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | આસીસ્ટન્ટ મેનેજર |
|---|---|
| પગાર ગ્રેડ | રૂા. ૯૩૦૦/૩૪૮૦૦ (ગ્રેડ પે ૫૪૦૦ પીબીર) + નિયત મુજબ મળી શકતા અન્ય ભથ્થા |
| લાયકાત | ઉમેદવાર કાનુની માન્યતા પ્રાપ્ત યુનિ.ની એમ.બી.એ.ની પદવી ધરાવતો હોવો જોઈએ. અથવા ઓલ ઈન્ડિયા કાઉન્સીલ ઓફ ટેકનીકલ એજ્યુકેશન (એ.આઈ.સી.ટી.ઈ.) ની માન્યતા પ્રાપ્ત સંસ્થાનો ૨ વર્ષનો પુર્ણકાલીન પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન બિઝનેસ મેનેજમેન્ટની લાયકાત ધરાવતો હોવો જોઈએ. અથવા ઉમેદવાર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પદવી ધરાવતો હોવો જોઈએ. |
| ઉંમર | અરજદારની ઉંમર ૨૮ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં સિવાય કે અ.મ્યુ.કો.ની નોકરીમાં ચાલુ હોય. |

ઉક્ત જગ્યા તથઆ અરજી ફોર્મ અંગે વિગતવાર માહિતી **www.egovamc.com** વેબસાઈટ ઉપરથી તથા ફોન નં. ૨૫૩૯૧૮૧૧-૩૦ એક્ષ્ટેન્શન ૭૩૦ અથવા ૬૫૦ ઉપર સંપર્ક કરવાથી મળી શકશે.

**મ્યુનિસિપલ કમિશનર** ●

## હાઈકોર્ટ ઓફ છત્તીસગઢ : બિલાસપુર
## સ્ટેનોગ્રાફર/આસિસ્ટન્ટની ભરતી

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૫-૧-૨૦૧૦**
**કુલ જગ્યાની સંખ્યા : ૬૪**

❑ **જગ્યાની વિગતો :**

- **જગ્યાનું નામ :** સ્ટેનોગ્રાફર (અંગ્રેજી)
- **જગ્યાની સંખ્યા :** ૧૮ (૦૧-હંગામી અને ૦૯ બેકલોગ સહિત)
- **પગાર ધોરણ :** રૂા.૯૩૦૦-૩૪૮૦૦+૪૩૦૦ ગ્રેડ પે
- **જગ્યાઓમાં અનામત :** ૧૮ જગ્યાઓ પૈકી
  ૦૬ જગ્યા સામાન્ય વર્ગ (૦૩ મહિલા/૦૩ પુરુષ)
  ૦૪ જગ્યા અનુસૂચિત જાતિ માટે (૦૩ પુરુષ/૦૧ મહિલા)
  ૦૫ જગ્યા અનુસૂચિત જન જાતિ માટે (૦૪ પુરુષ/૦૧ મહિલા)
  ૦૨ જગ્યા અન્ય પછાત વર્ગ માટે (૦૧ પુરુષ/૦૧ મહિલા)
  કુલ જગ્યાઓમાં ૦૨ જગ્યા શારીરિક ખોડખાંપણ વર્ગના ઉમેદવાર માટે અનામત છે.
- **શૈક્ષણિક લાયકાત :** માન્ય યુનિ. માંથી સ્નાતક. માન્ય બોર્ડમાંથી અંગ્રેજીમાં શોર્ટહેન્ડ અને ટાઈપરાઈટીંગની પરીક્ષા પાસ કરી હોવી જોઈએ. શોર્ટહેન્ડમાં પ્રતિ મિનિટ ૮૦ શબ્દોની અને ટાઈપમાં પ્રતિ મિનિટ ૩૦ શબ્દોની ઝડપ હોવી જોઈએ.
- **જગ્યાનું નામ :** આસિસ્ટન્ટ ગ્રેડ-III
- **જગ્યાની સંખ્યા :** ૪૫ (૩૪-બેકલોગ અને ૦૨ હંગામી સહિત)
  જેમાં ૦૯ જગ્યા સામાન્ય વર્ગ માટે (૦૮પુરુષ/૦૧મહિલા)
  ૧૪ જગ્યા અનુસૂચિત જાતિ માટે (૦૭ પુરુષ/૦૬ મહિલા)
  ૨૦ જગ્યા અનુસૂચિત જન જાતિ માટે (૧૩ પુરુષ/૦૬ મહિલા)
  અન્ય પછાત વર્ગ માટે ૦૧ જગ્યા પુરુષ ઉમેદવાર માટે અનામત છે.
  અ.પ.વ. સિવાયના વર્ગમાં એક જગ્યા લેખે ૦૩ જગ્યા શારીરિક ખોડખાંપણ વર્ગના ઉમેદવાર માટે અનામત છે.
- **પગાર ધોરણ :** રૂા. ૫૨૦૦-૨૦૨૦૦ +રૂા. ૧૯૦૦ ગ્રેડ પે
- **શૈક્ષણિક :** માન્ય યુનિ. માંથી સ્નાતક. માન્ય બોર્ડ /યુનિ. અથવા આઈ. ટી. આઈ. માંથી એક વર્ષનો ડિપ્લોમા કોર્સ ઈન કોમ્પ્યુટર. અંગ્રેજી અને હિન્દી ટાઈપીંગની જાણકારી પ્રુફ સાથે હોવી જોઈએ.
- **જગ્યાનું નામ :** આસિસ્ટન્ટ ગ્રેડ-III (કોમ્પ્યુટર)
- **જગ્યાની સંખ્યા :** ૦૧ (સામાન્ય)
- **પગાર ધોરણ :** રૂા.૫૨૦૦-૨૦૨૦૦ + રૂા.૧૯૦૦ ગ્રેડ પે + રૂા.૨૦૦ સ્પેશ્યલ પે
- **શૈક્ષણિક :** માન્ય યુનિ. ના સ્નાતક. યુ. જી. સી. માન્ય યુનિ.માંથી કોમ્પ્યુટરનો પી. જી. ડિપ્લોમા.
- **વયમર્યાદા :** ઉમેદવારની વય તા.૧-૧-૨૦૧૦ ના રોજ ૨૧ થી ૩૦ વર્ષની હોવી જોઈએ.
- છત્તીસગઢના મૂળ નિવાસી અનામત વર્ગના ઉમેદવારોને નિયમોનુસાર વય મર્યાદામાં છૂટ મળી શકશે. છત્તીસગઢ સિવાય અન્ય રાજ્યના ઉમેદવારો કે જેઓ અ.જા/અ.જ.જા./અ.પ.વ.માં આવતા હોય તેઓ આ જગ્યાઓ માટે સામાન્ય વર્ગના ઉમેદવારો તરીકે ગણવામાં આવશે.
- **અરજી મોકલવાનું સરનામું :**

**The Registrar General,**
**High Court of Chhattisgarh,**
**Bilaspur.**

- અરજી માત્ર સ્પીડ પોસ્ટ/રજીસ્ટર્ડ પોસ્ટ/કુરીયર દ્વારા મોકલવી.
- અરજી સાથે જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો મોકલવી.
- અરજી સાથે સ્વયંનું સરનામું લખેલ રૂા. ૫ ની ટિકીટ ચોંટાડેલ ૯x૪ ઈંચની સાઈઝવાળું પરબીડિયું મોકલવું.
- એક વધારાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો મોકલવો.
- ઉમેદવારોની પસંદગી સ્કીલ ટેસ્ટ. ઈન્ટરવ્યુ અને/અથવા લેખિત પરીક્ષા દ્વારા થશે.
- અરજી મોકલવાના કવર પર "Application for the post of ................................" લખવું.
- એક કરતાં વધુ જગ્યા માટે અરજી કરવા ઈચ્છતા ઉમેદવારોએ તે માટે અલગ અલગ અરજી જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે કરવી.
- જાહેરખબરની વિગતવાર જાણકારી અને અરજીફોર્મ ડાઉનલોડ કરવા માટે હાઈકોર્ટની વેબસાઈટ http://www.cghighcourt.nic.in જોવી.

**-રજીસ્ટ્રાર જનરલ** ●

# રેવન્યુ તલાટીની ભરતી માટે તૈયારી કેવી રીતે કરશો ?

આર. એન. કોટક

## સરકારી રેવન્યુ તલાટીની મોટા પાયે ભરતી

બરાબર એક વર્ષ પહેલા રેવન્યુ કલાર્કની ઘણી જગ્યાઓ માટે ગુજરાત સરકાર દ્વારા જાહેરાત આવેલ અને ફક્ત બે ત્રણ માસમાં જ ભરતી પરીક્ષાની પ્રક્રીયા પુરી કરીને લાયક ઉમેદવારોને નિમણૂક આપવામાં આવેલ. આ પ્રકારની જ જાહેરાત રેવન્યુ તલાટીની 1563 જગ્યાઓની જાહેરાત તાજેતરમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બહાર પાડેલ હતી જેમાં મોટી સંખ્યામાં ધોરણ ૧૨ પાસ, સ્નાતક, પોસ્ટ ગ્રેજ્યુએટ ઉમેદવારોએ અરજી કરી છે તેથી આ ભરતી પરીક્ષામાં ખૂબ સ્પર્ધા રહેશે જો કે હવે આ જગ્યાઓની સંખ્યા 2126 થયેલ છે. છતાં ઓછા સમયમાં જ યોગ્ય તૈયારી વિનાના અરજીકર્તા ઉમેદવારોની સફળતાના ચાન્સ ઘટી શકે છે આથી સરકારી રેવન્યુ તલાટીની આ ભરતી પરીક્ષા જે જાન્યુઆરી ૨૦૧૦માં ૨૦મી પછીના શનિ/રવિવારે કે તે બાદ થવા સંભવ છે તેની તૈયારી માટેનું ઘનિષ્ટ માર્ગદર્શન સંક્ષિપ્તમાં અત્રે પ્રસ્તુત છે. જો કે ફક્ત લેખિત હેતુલક્ષી નાની કહી શકાય તેવી કસોટી જ છે. ઈન્ટરવ્યૂ નથી. ભરતી પરીક્ષાના મેરીટ મુજબ નિમણૂક અપાશે.

## ભરતી પરીક્ષા પધ્ધતિ અને તૈયારીલક્ષી માર્ગદર્શન

રેવન્યુ તલાટીની આ પસંદગી પ્રક્રિયા જાહેરાત મુજબ આ પ્રમાણે છે. ''સ્પર્ધાત્મક લેખિત કસોટી (હેતુલક્ષી પ્રશ્નોવાળુ પ્રશ્નપત્ર) કુલ પ્રશ્નો : ૧૦૦, કુલ ગુણ : ૧૦૦. સમય : એક કલાક, વિષય : સામાન્ય જ્ઞાન''. ''રેવન્યુ તલાટીની ઠરાવેલ તમામ લાયકાત ધરાવતા તમામ ઉમેદવારોની સ્પર્ધાત્મક લેખિત કસોટી હેતુલક્ષી પ્રશ્નોની લેવાશે જેમાં ધોરણ ૧૨ કક્ષાના સામાન્ય જ્ઞાન અને બુધ્ધિ કૌશલ્યના વિષય સંબંધિત બાબતોનું તથા ગુજરાતી ભાષા, ગુજરાતી વ્યાકરણ, અંકગણિત અને અંગ્રેજી વ્યાકરણના વિષયોને અનુરૂપ હેતુલક્ષી પ્રશ્નોવાળુ ફોય પધ્ધતિનું પ્રશ્નપત્ર રહેશે.'' આ સરકારે નિયત કરેલ સીલેબસ છે. આ મુજબ પરીક્ષા થશે અને પરીક્ષાલક્ષી તૈયારી પણ માત્ર ૩૦/૩૫ દિવસમાં કરવાની રહે છે. અત્રે ફાઈનલ સિલેકશન આ વિષયક પરીક્ષાના આધારે હોવાથી આ લઘુ પરીક્ષાનું મહત્વ મોટું છે. આ પરીક્ષાનું સ્ટાન્ડર્ડ ધોરણ ૧૨ પાસનું છે પણ સ્પર્ધા ધો. ૧૨ પાસથી પોસ્ટ ગ્રેજ્યુએટ ઉમેદવારોની (MA, M.Com, MBA વિ.) સાથે છે તેથી જો યોગ્ય વાંચન, લેખન, મનન, મહાવરા સાથેની તૈયારી ન હોય તો ઊંચી લાયકાતવાળા ઉમેદવાર કરતાં સામાન્ય કક્ષાના ઉમેદવાર મેદાન મારી જાય છે. તેથી આ પરીક્ષાના પ્રશિક્ષણ (કોચીંગ કે તાલીમ) ઉપર નિષ્ણાતો ભાર મુકે છે. આમ પણ કોઈ પ્રસંગ, પરીક્ષા કે પ્રક્રિયાને પાર કરવા ખાસ તાલીમબધ્ધ પરિશ્રમ આવશ્યક જ હોય છે તો જ તે સારી રીતે કે સફળતાથી પાર પડે છે. આ બાબત આ પરીક્ષાને પણ લાગુ પડે છે. આ પ્રકારની મોટી પરીક્ષા વખતે ખૂબ તાલીમ વર્ગો શરૂ થાય છે. પણ દરેક વર્ગો પૂર્ણ કે સફળતાયુક્ત તૈયારી માટે સક્ષમ ન હોઈ શકે તેથી તાલીમ માટે અનુકુળતા હોય તો ચકાસણી કરી જૂની જાણીતી સંસ્થાઓ કે સરકારી સાર્વજનિક સેવા ભાવના તાલીમ વર્ગોમાં જોડાઈ શકાય. નાના ગ્રુપમાં કે ફ્રેન્ડ સર્કલમાં કોઈ માર્ગદર્શક પાસેથી પણ કોચીંગ લઈ શકાય. આ મોટી ભરતી પરીક્ષાના ટૂંકાવર્ગો SPIPA, રોજગાર ખાતુ, યુનિવર્સિટીઓ, સધ્ધર જ્ઞાતિ મંડળો દ્વારા જો ટૂંકા ગાળાના શરૂ કરાય તો આર્શિવાદરૂપ પ્રવૃતિ ગણાશે કેમ કે ગ્રામ્ય અને મધ્યમ વર્ગને આ સુવિધા પ્રાપ્ય નથી. આ પરીક્ષાના ખાસ પુસ્તકો ઘણા પ્રકાશકો દ્વારા પ્રસિધ્ધ થયા છે. તેમાં લિબર્ટી, કિરણ, વિશ્વાસુ વિ. મુખ્ય છે. તેમાં ગાઈડ, પ્રશ્નપત્ર સંગ્રહ, પ્રેકટીસ બુક જેવા પ્રકાશનો પણ મળશે. આ પૈકી સારા એક બે પુસ્તકોને આધારે વ્યક્તિગત તૈયારી પણ કરી શકાય અને સફળતા મેળવી શકાય. પ્રશ્નપત્ર ગુજરાતી ભાષામાં નિકળશે જેની ભાષા સરળ હોય છે.

## પરીક્ષાલક્ષી તૈયારી કેમ કરશો ?

આ પરીક્ષાના સીલેબસ પ્રભાગ આ મુજબ છે (૧) સામાન્ય જ્ઞાન (૨) બુધ્ધિ કૌશલ્ય (૩) ગુજરાતી ભાષા(૪) ગુજરાતી વ્યાકરણ (૫) અંકગણિત (૬) અંગ્રેજી વ્યાકરણ. પ્રશ્નોના જવાબ OMR (ઓપ્ટીકલ માર્ક રીડીંગ)થી ટીકમાર્ક (ગોળ ચક્કરમાં ઘૂંટવું)થી આપવાના છે. લેખનક્રિયા નથી. ૧૦૦ પ્રશ્નો છે, ૧૦૦ ગુણ છે. સમય ૧ કલાક એટલે ૬૦ મિનિટનો છે. ૧૦૦ પ્રશ્નો હોવાથી એક પ્રશ્ન દીઠ ૩૬ સેકેન્ડસ (૧/૩ મિનીટ આશરે) સમય મળશે. આ ઝડપ પ્રેકટીસથી મળે છે. રોકડીયા માર્કના વિષયોમાં અંકગણિત અને વ્યાકરણ ઉપર ખાસ ભાર મૂકવો પડે છે. બુધ્ધિ કૌશલ્યના માર્કથી પણ ફાયદો થઈ શકે છે. ગુજરાતી સાહિત્ય વિષયક પ્રશ્નો ''પુસ્તક લેખક સાહિત્ય એવોર્ડ અખબાર મેગેઝીન વિ.'' અંગે આવી શકે છે. સામાન્ય જ્ઞાન માટે ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો બનાવોનું માર્ગદર્શન લેવું જેના પ્રશ્નો પણ આવે છે. આ પરીક્ષા રેવન્યુ તલાટીની હોઈ ગ્રામ્ય જીવન, ગ્રામ પંચાયત, તલાટીની ફરજો, કામગીરી, રેવન્યુ વિભાગ અને કલેકટર કચેરી/મામલતદાર કચેરી કાર્ય પધ્ધતિ, ગુજરાત દર્શન, ગુજરાત પ્રધાન મંડળ, ઈત્યાદિ વિષયક જાણકારી અને લેટેસ્ટ માહિતી ખાસ રાખવી. GPSC/PSI/ સ્ટાફ સિલેકશન કે અન્ય કલેરીકલ/અધિકારીની પરીક્ષાની તૈયારી કરતા કે એપીયર થતા કે અનુભવી ઉમેદવારોને આ ટેસ્ટ સરળ અને સફળતાયુક્ત લાગશે તેથી કોઈપણ સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાની પૂર્વે કરેલી તૈયારી પણ લાભપ્રદ છે. આ માર્ગદર્શનથી કોઈ ઉમેદવારોએ તનાવ ઉભો કરવાની કે ડ્રોપ લેવાની જરૂરત નથી. પરીક્ષાનો અનુભવ જરૂરી છે કેમ કે આ પ્રકારની પરીક્ષા શાળા/ કોલેજમાં હોતી નથી. મિત્રો, સ્વસ્થતા પૂર્વકની નિર્ભય માનસિક પરીક્ષા લક્ષી તૈયારી કરશો તો સફળતા તમારી જ છે. E-Mail : Kotakmail@in.com ●

## BEML LIMITED
(A Govt, of India Undertaking)

**BEML Soudha, 23/1, 4th Main, Sampangirama Nagar, BANGALORE-560 027. Toll Free No.: 1800 425 2365**

BEML LIMITED, is looking for High performing, Dynamic & Achievement Oriented Professionals for the following positions:

| | |
|---|---|
| **A. Rail & Metro Business**<br>1. Executive Director (ED)<br>2. General Managers (GM)<br>(a) Production (b) Assembly (c) Planning (d) Materials (e) Sub-contract (f) Refurbishing (g) Testing & Commissioning<br>3. GM / Dy.Gen.Mgr (Electrical) | **B. Finance & HR**<br>1. Executive Director (Finance)<br>2. Executive Director (HR)<br><br>**C. Defence Business**<br>1. Executive Director (ED)<br>2. GM/DGM/AGM/ Sr. Manager (Tank Related) |
| **D. Mining & Construction Business**<br>1. Chief General Manager (CGM)<br>2. DGM/AGM<br><br>**F. Trading (Two Star Export House)**<br>1. DGM/AGM/Sr. Manager | **E. Technology Division (e-Engineering Service) Aerospace Domain**<br>1. DGM/AGM (Simulation)<br>2. Sr. Manager (GHE/GSE)<br>3. Manager (Jigs & Fixtures) |

Excellent career growth opportunities are available and compensation would not be a limiting factor for the right candidates.

For details, please visit the career page of website **www.bemlindia.com. Last date of receipt of application in the prescribed format by email is 07-01-2010.**

## NATIONAL FERTILIZERS LIMITED

(A Government of India Undertaking)
Website : www.nationalfertilizers.com

Advt.No.NLF/CO/HRD/1/2009 Dated : 30th Nov., 09

## 137 MANAGEMENT TRAINEES REQUIRED

NFL, a MINI RATNA and profit making premier company in Fertilizer Sector invites applications for 137 Management Trainees in the disciplines of Chemical, Mechanical, Electrical, Instrumentation, Computer, Materials, Personnel, Welfare, Marketing, Public Relations and HRD. Reservation and relaxations as per Govt. Guidelines. Last date for receipt of applications is **11th January, 2010.**

For further details, please see Website or Employment News dated **19th December, 2009.**

**DGM (HRD & PR)**

**શ્રી વાજપાઇ બેંકેબલ યોજના**

# કુટિર ઉદ્યોગ કારીગરોને બેંકો દ્વારા લોન/સહાય યોજના અંધ/વિકલાંગ ઉમેદવારોને પણ લાભ મળી શકે છે

❑ **હેતુ :**
આ યોજના હેઠળ ગુજરાતના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના બેરોજગાર યુવાનો/યુવતીઓને સ્વરોજગારી પુરી પડવાનો આશય રહેલો છે. ખોડખાંપણ ધરાવતા વિકલાંગ/અંધ યુવાન/યુવતી પણ આ યોજનાનો લાભ લઇ શકેશે.

❑ **યોજનાની પાત્રતા :**
૧. ઉંમર : ૧૮ થી ૫૦ વર્ષ
૨. શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછું ધોરણ-૪ (ચાર) પાસ અથવા
૩. તાલીમ અનુભવ : વ્યવસાયને અનુરૂપ ૩ માસની તાલીમ અથવા ધંધાનો એક વર્ષનો અનુભવ અથવા વારસાગત કારીગર.

❑ **પ્રોજેકટની મહત્તમ મર્યાદા :**
૧. ઉદ્યોગ અને સેવા માટે મહત્તમ રૂ. ૫ લાખ
૨. વેપાર માટે મહત્તમ રૂ. ૨ લાખ
૩૯૫ પ્રોજેકટ પ્રોફાઇલ્સ મંજુર કરવામાં આવેલ છે. પ્રોજેકટ પ્રોફાઇલ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરીએ ઉપલબ્ધ છે. ઉપર્યુક્ત મર્યાદામાં કોઇપણ પ્રકારના પોષણક્ષમ પ્રોજેકટ મંજુર કરવામાં આવે છે.

❑ **જામીનગીરી :**
રિઝર્વ બેંકના નિયમ/સુચનાઓ મુજબ બેંક કક્ષાએ જામીન આપવાના રહેશે.

❑ **માર્જીનમની :**
ચુકવવામાં આવતી સહાયને માર્જીનમની તરીકે ગણવાની રહેતી હોવાથી બેંકો માર્જીનમની માટે આગ્રહ રાખશે નહીં છતાં પણ બેંકો, રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, નાબાર્ડની આ અંગેની માર્ગદર્શક સુચનાઓને અનુસરશે.

❑ **વ્યાજનો દર :**
રીઝર્વ બેંક દ્વારા નક્કી કરવામાં આવે તે દરે બેંકો લોન માટે વ્યાજની આકારણી કરશે.

❑ **અમલીકરણ એજન્સી :**
ગ્રામ્ય વિસ્તારમાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા રૂ. ૩૦,૦૦૦ ની લોન મેળવવા માટે તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીને સત્તા આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારની રૂ. ૩૦,૦૦૦ થી ઉપર અને રૂ. ૫,૦૦,૦૦૦ સુધીની અને શહેરી વિસ્તારની તમામ અરજીઓ માટે જે તે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સંપર્ક સાધવાનો રહે છે.

❑ **નાણાંકીય સંસ્થાઓ :**
(૧) રાષ્ટ્રીયકૃત બેંકો (૨) તમામ પ્રાદેશિક ગ્રામીણ બેંકો (૩) સહકારી બેંકો

✦ કુટિર ઉદ્યોગના કારીગરો/એકમો અને સેવા તથા વેપારની પ્રવૃત્તિ કરવા માંગતા ઉદ્યોગ સાહસિકોને નવા ધંધા કે ચાલુ વિકાસ માટે નીચે જણાવેલ હેતુ માટે નાણાંકીય સવલત મળી શકે છે.

**સ્વરોજગાર માર્ગદર્શન**
**એચ. ડી. શ્રીમાળી**

(૧) કેબીન-ફર્નિચર બનાવવા (૨) સાધન ઓજારો અને મશીનરી ખરીદવા (૩) ઇલેકટ્રીફીકેશન (૪) વર્કીંગ કેપીટલ માટે.

**તા. ક.** ફકત કાચા માલ, તૈયાર માલની ખરીદી કે વર્કીંગ કેપીટલ માટે ધિરાણ મળી શકશે નહીં. જ્યારે વિસ્તરણ માટે હયાત રોકાણ ધ્યાનમાં લઇને પ્રોજેકટ કિંમતની મર્યાદામાં ધિરાણ મળી શકશે.

❑ **સહાયના ધોરણ :**
આ યોજના હેઠળ ઉદ્યોગ, સેવા અને ધંધા માટે સહાયનો દર નીચે મુજબ રહેશે.

| લોનની રકમ | અનુ. જનજાતિ | અનુ.જાતિ | અન્ય | અપંગ/અંધ | |
|---|---|---|---|---|---|
| | | | | ૪૦ ટકા કે તેથી વધુ | ૪૦ ટકાથી ઓછી |
| રૂ.૩૦,૦૦૦ સુધી | ૪૦ ટકા | ૪૦ ટકા | ૨૫ ટકા | ૫૦ ટકા | ૫૦ ટકા |
| રૂ. ૩૦,૦૦૧ થી વધુ | ૩૦ ટકા | ૨૫ ટકા | ૨૦ ટકા | ૪૦ ટકા મહત્તમ મર્યાદા રૂ. ૩૦,૦૦૦/- | ૫૦ ટકા મહત્તમ મર્યાદા રૂ.૩૦,૦૦૦/- |

❑ **સહાયની મહત્તમ મર્યાદા (અનુ. જનજાતિ, અનુ. જાતિ અને અન્ય માટે)**
(૧) ઉદ્યોગમાં રૂ. ૩૦,૦૦૦ (૨) સેવામા ૧૫,૦૦૦ (૩) વેપારમાં રૂ. ૧૦,૦૦૦

❑ **લોનની પરત ભરપાઇ :**
લોનના હપ્તા ધીરાણ આપ્યાના છ માસ બાદ શરૂ કરવાના રહેશે. અપાયેલ લોન વ્યાજ સહિત ત્રણથી પાંચ વર્ષની મુદતમાં બેંક નક્કી કરે તે પ્રમાણે નિયમિત ભરપાઇ કરવાની રહેશે અને તે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

❑ **અરજી સાથે બિડવાના જરૂરી કાગળો :**

✦ નિયત અરજીપત્રક (બે-નકલમાં), પાસપોર્ટ સાઇઝના બે ફોટોગ્રાફસ (ફોટા ફોર્મની બંને નકલો ઉપર ચોંટાડવા) અરજીમાં નીચે મુજબના કાગળોની પ્રમાણિત નકલ જોડવી.

✦ ચુંટણી ઓળખપત્ર, જન્મનું નોંધણીનું પ્રમાણપત્ર (છેલ્લી પરીક્ષા પાસ કરેલ હોય તેની માર્કશીટ), જાતિનું અધિકૃત પ્રમાણપત્ર (અનુસુચિત/જનજાતિ માટે) અપંગ/અંધ લાભાર્થીના કિસ્સામાં, અપંગતા/અંધત્વની ટકાવારીનું સીવીલ સર્જનનું/સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર, ધંધામાં તાલીમ/અનુભવનું પ્રમાણપત્ર (વારસાગત, કારીગર સિવાય) જે સાધન-ઓજાર ખરીદવાના છે તેના વેટ નંબરવાળા ભાવપત્રકો, સૂચિત ધંધાના સ્થળનો આધાર (ભાડા ચિઠ્ઠ ભાડા કરાર, મકાન વેરાની પહોંચ વગેરે) વિજળી વપરાશ કરવાની હોય તો તેનો પુરાવો/સંમતિ પત્રક, મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી/નગરપાલિકાના ચીફ ઓફિસર પાસેથી મેળવેલ આવકનો દાખલો.

❑ **અરજી ફોર્મ અને વધુ માહિતી માટે સંપર્ક :**
૧. **આપના જિલ્લાના જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર :**
૨. **વેબ સાઇટ :**

(1) http://portal.gujarat.gov.in/St_GovtSchm/BANKBALFORM.htm

(2) http;//imd-gujarat.gov.in/schemes/01-001.htm ઉપરથી પણ ફોર્મ ડાઉનલોડ કરી મેળવી શકાય છે.

ઉપર્યુક્ત વિગતો અને યોજના વિષેની માહિતી સરળતાથી સમજાય તે હેતુથી રજૂ કરવામાં આવી છે. કોઇપણ ગેરસમજ કે અર્થઘટન બાબતમાં સબંધિત ઠરાવની જોગવાઇ તેમજ સરકારશ્રીના વખતોવખતના સુધારા આખરી ગણાશે. તેમ છતાં ચોકક્સ માહિતી માટે સંબંધિત જિલ્લાના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સંપર્ક સાધવો જરૂરી છે.

*(લેખક અધિક ઉદ્યોગ કમિશનર(વિસ્તરણ) છે.)*

---

**જનરલ નોલેજ ક્વિઝ કોર્નર**
**આર. એન. કોટક**

**(૧) 'જય જય ગરવી ગુજરાત' ના રચયિતા કવિ કોણ ?**
(A) દયારામ (B) નર્મદ
(C) નરસિંહ મહેતા (D) દલપતરામ

**(૨) બાંગ્લાદેશના પ્રથમ પ્રમુખ કોણ હતા ?**
(A) નઝરૂમ ઈસ્માલ (B) ખાલિદા ઝિયા
(C) શેખ હસીના વાજેદ (D) શેખ મુજિબૂર રહેમાન

**(૩) રશિયાએ છોડેલા પ્રથમ અવકાશયાનનું નામ શું હતું. ?**
(A) એપોલો (B) સ્પૂટનિક
(C) લાયકા (D) પ્રાબદા

**(૪) એક મિલિયન એટલે શું થાય ?**
(A) એક લાખ (B) એક કરોડ
(C) પચાસ લાખ (D) દશ લાખ

**(૫) $1/_8$ $^{th}$ એટલે કેટલા ટકા થાય ?**
(A) ૨૦ % (B) ૧૫ %
(C) ૧૨.૫ % (D) ૨૫ %

**(૬) કોમ્પ્યુટરમાં CPU નો અર્થ થાય.**
(A) સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ (B) સેન્ટ્રલ પ્રિન્ટીંગ યુનિટ
(C) કમ્પ્યુટર પ્રિન્ટીંગ યુનિટ (D) આ પૈકીનું કંઈજ નથી.

**(૭) 'સિનેગોગ' કયા ધર્મનું પ્રાર્થના સ્થળ છે ?**
(A) ખ્રિસ્તી (B) યહૂદી
(C) બૌધ્ધ (D) શીખ

**(૮) આ વિખ્યાત સ્થપતિએ અમદાવાદની કેટલીક પ્રખ્યાત ઈમારતોનું નિર્માણ કર્યુ હતું.**
(A) ચાર્લ્સ કોરિયા (B) જેકબસન
(C) લા કોરબુઝિયેર (D) આ પૈકી કોઈ નહીં.

**(૯) 'ઓપ્થેલમોલોજીસ્ટ' શરીરના કયા અંગના રોગના નિષ્ણાત ગણાય છે ?**
(A) આંખ (B) કાન
(C) ગળું (D) પગ

**(૧૦) રસીકરણ (વેકિસનેશન) ની શોધ કોણે કરી ?**
(A) જોસેફ લીસ્ટર (B) એડવર્ડ જેનર
(C) જહોન હંટર (D) પીટર ફ્રેન્ક

**(૧૧) 'કરાટે' ને કયા દેશ સાથે વધુ સંબંધ છે ?**
(A) ચીન (B) જાપાન
(C) કોરિયા (D) તાઈવાન

**(૧૨) 'ફોર્મ્યુલા વન' સંબોધન કઈ રમતમાં વપરાય છે ?**
(A) મોટર રેસિંગ (B) બાસ્કેટ બોલ
(C) સ્કેટિંગ (D) નૌકા રેસ

**(૧૩) P.O.K. નો અર્થ શું થાય ?**
(A) પ્રિન્સીપાલ ઓફ કરાટે (B) પીપલ ઓફ કોરિયા
(C) પાર્ટી ઓફ કાશ્મીર (D) પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર

**(૧૪) N.G.O. નો અર્થ શું થાય ?**
(A) ન્યૂ ગર્વનમેન્ટ ઓફિસ (B) ન્યૂ જનરલ ઓફિસ
(C) નોન ગર્વનમેન્ટ ઓર્ગેનાઈઝેશન (D) નોન ગર્વનમેન્ટ ઓફિસ

**(૧૫) ટાઈગરવુડઝ ને કઈ રમત સાથે સંબંધ છે ?**
(A) ટેનિસ (B) ગોલ્ફ
(C) કાર રેસિંગ (D) સ્કેટિંગ

**(૧૬) 'કેટરીના' નામનું વાવાઝોડું અમેરિકાના કયા પ્રાંત પર ત્રાટક્યું હતું ?**
(A) ન્યૂર્યોક (B) કેલિફોર્નિયા
(C) ઓહાયો (D) ન્યૂ ઓર્લિયન્સ

**(૧૭) 'સુનામી' કઈ ભાષાનો શબ્દ છે ?**
(A) ચાઈનીઝ (B) કોરિયન
(C) જાપાનીઝ (D) મલેશિયન

**(૧૮) પૃથ્વીના ઉપગ્રહનું નામ આપો.**
(A) પ્લૂટો (B) ચંદ્ર
(C) શુક્ર (D) મંગળ

**(૧૯) ગુરૂત્વાકર્ષણની શોધ કોણે કરી હતી?**
(A) ન્યૂટન (B) દા વિન્ચી
(C) ગેલિલિયો (D) કોપરનિકસ

**(૨૦) ડાયનાસોર શું છે ?**
(A) એક ટાપૂ (B) અવકાશયાન
(C) પ્રાગ ઐતિહાસિક પ્રાણી (D) એક રોગ

**(૨૧) અમેરિકાનો વીઝા લેવો હોય તો કઈ ઓફિસમાંથી મળી શકે ?**
(A) પાસપોર્ટ ઓફિસ (B) ઈન્ડો અમેરિકન સોસાયટી
(C) આપણા વિદેશ મંત્રાલયમાંથી (D) અમેરિકન કોન્સોલેટ

**(૨૨) નીચેનામાંથી ગુજરાતનું કયુ શહેર 'અકીક' ના પથ્થર માટે જાણીતું છે ?**
(A) ભરૂચ (B) ઓખા
(C) ખંભાત (D) ભાવનગર

**(૨૩) અફીણની ખેતી કયા થાય છે ?**
(A) ઉત્તરપ્રદેશ (B) બંગાળ
(C) આસામ (D) કર્ણાટક

**(૨૪) સ્વતંત્રતા સંગ્રામમાં ભગતસિંહને કોણે સાથ આપ્યો હતો ?**
(A) જતીન (B) લાલા લજપતરાય
(C) સુખદેવ (D) નેતાજી સુભાષચંદ્ર બોઝ

**(૨૫) 'વંદે માતરમ' ના રચયિતા કોણ ?**
(A) રવીન્દ્રનાથ ટાગોર (B) બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય
(C) શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય (D) આમાંના કોઈ નહીં.

**: જવાબ :**

**(૧) નર્મદ (B) (૨) શેખ મુજબિર રહેમાન (D) (૩) સ્પૂટનિક (B) (૪) દશ લાખ (D) (૫) ૧૨.૫ %(C) (૬) સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનીટ (A) (૭) યહૂદી (B) (૮) લા કોરબુઝિયેર (C) (૯) આંખ (A) (૧૦) એડવર્ડ જેનર (B) (૧૧) જાપાન (B) (૧૨) મોટર રેસિંગ (A) (૧૩) પાકિસ્તાન ઓકયુપાઇડ કાશ્મીર (D) (૧૪) નોન ગવર્નમેન્ટ ઓર્ગેનાઇઝેશન (C) (૧૫) ગોલ્ફ (B) (૧૬) ન્યુ ઓર્લિયન્સ (D) (૧૭) જાપાનીઝ (C) (૧૮) ચંદ્ર (B) (૧૯) ન્યૂટન (A) (૨૦) પ્રાગ ઐતિહાસિક પ્રાણી (C) (૨૧) અમેરિકન કોન્સોલેટ (D) (૨૨) ભરૂચ (A) (૨૩) ઉત્તરપ્રદેશ (A) (૨૪) સુખદેવ (C) (૨૫) બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય (B)**

# ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા : નોઈડા
# આસિસ્ટન્ટ (ટેક્નિકલ) ની ભરતી

**ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા એ ખાદ્યાન્ન વ્યવસ્થાપન અને તેને સંબંધીત કામગીરી સંભાળતુ સૌથી મોટું જાહેર ક્ષેત્રનું સાહસ છે. FCI દ્વારા આસિસ્ટન્ટ ગ્રેડ -III (ટેકનિકલ) ની જગ્યાઓ માટે ઉત્સાહી અને પ્રતિભાશાળી યુવાનો પાસેથી નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.**

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૧-૧-૨૦૧૦**

**જગ્યાની કુલ સંખ્યા : ૧૯૨**

- **જગ્યાઓની વિગત :**
- **આસિસ્ટન્ટ ગ્રેડ-III (ટેકિનકલ) (પોસ્ટ કોડ-૫૩) :**
- **જગ્યાની સંખ્યા :** ૧૯૨ (જે પૈકી અ.જા.-૨૯, અજ.જા.-૧૪, અ.પ.વ.-૫૨, શા.ખો.ખાં. (એક હાથ, એક પગ અથવા હાથ-પગ બંનેમાં ખોડ હોય) માટે-૦૬ જગ્યા અનામત રહેશે.)
- **પગાર ધોરણ :** રૂા. ૪૮૨૦-૧૧૦-૫૦૪૦-૧૨૦-૬૬૦૦-૧૨૫-૬૮૫૦-૧૪૦-૮૫૩૦
- **વય મર્યાદા :** તા.૧-૭-૨૦૦૯ના રોજ ૧૮ થી ૨૫ વર્ષ
- **શૈક્ષણિક લાયકાત :** બી.એસસી. ખાસ કરીને બી.એસસી. (એગ્રિકલ્ચર)
- **પસંદગી પ્રક્રિયા :** ઉમેદવારોની પસંદગી લેખિત પરીક્ષા, ગ્રુપ ડિસ્કશન અને ઈન્ટરવ્યૂ દ્વારા થશે. લેખિત પરીક્ષાનું સ્થળ અને સમયપત્રક વિશે ઉમેદવારોને વ્યક્તિગત રીતે એડમિટ કાર્ડ સાથે જણાવવામાં આવશે. લેખિત પરીક્ષાનો કાર્યક્રમ અને કેન્દ્રનું નામ FCI ની વેબસાઈટ http://specialtest.in/fci ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.
- લેખિત પરીક્ષા હિન્દી અને અંગ્રેજીમાં બે ભાગમાં યોજાશે.
- ભાગ-૧માં સબંધીત ટેક્નિકલ શાખાને લગતાં ૬૦ બહુવૈકલ્પિક જવાબોવાળા પ્રશ્નો રહેશે.
- ભાગ-૨માં રીઝનીંગ, ડેટા એનાલિસીસ કોમ્પ્યુટર અવેરનેસ, જનરલ અવેરનેસ અને કરન્ટ એફર્સને આવરી લેતા ૬૦ જેટલી બહુવૈકલ્પિક પસંદગીના જનરલ એપ્ટિટ્યૂડને લગતા પ્રશ્નો પૂછવામાં આવશે.
- લેખિત પરીક્ષામાં સફળ થયેલા ઉમેદવારોએ ત્યારબાદ ગ્રુપ ડિસ્કશન અને ઈન્ટરવ્યૂમાં ઉપસ્થિત થવાનું રહેશે.
- પસંદગી માટેના દરેક તબક્કામાં ભાગ લેવો જરૂરી છે.
- **પરીક્ષા કેન્દ્રો :** પરીક્ષા માટેના નિર્ધારીત કેન્દ્રો અને તેના કોડ નંબર નીચે મુજબ છે.
  જયપુર-૧૧, નવી દિલ્હી-૨૨, લખનઉ-૩૩, ચંદીગઢ-૪૪, જમ્મુ-૫૫, દહેરાદૂન-૬૬, સીમલા-૭૭
- **અનામત અને છૂટછાટ :**
- શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ વયમર્યાદા તા. ૧-૭-૦૯ નાં રોજ મુજબની ગણવાની રહેશે.
- ઉપલી વયમાં અ.જા./અ.જ.જા. વર્ગના ઉમેદવારોને પાંચ વર્ષ અને અ.પ.વ. (નોન ક્રિમીલેયર) ઉમેદવારોને ત્રણ વર્ષની છૂટ મળી શકશે.
- શારીરિક ખોડખાંપણ ધરાવતા અ.જા./અ.જ.જા. વર્ગના ઉમેદવારોને ૧૫ વર્ષ તથા અ.પ.વ.ના ઉમેદવારોને ૧૩ વર્ષની છૂટ મળી શકશે. સામાન્ય વર્ગના શા.ખો.ખાં. ધરાવતા ઉમેદવારોને ૧૦ વર્ષની છૂટ મળી શકશે. અસલ તબીબી પ્રમાણપત્રની ચકાસણી ઈન્ટરવ્યૂ વખતે કરવામાં આવશે.
- **સામાન્ય સૂચનાઓ**
- બધી જ જગ્યાઓ IDA આધારિત પગાર ધોરણવાળી છે. અન્ય ભથ્થાઓ જેવા કે સીસીએ/એચ.આર.એ./એલ.ટી.સી. વગેરે મળવાપાત્ર છે. મોંઘવારી ભથ્થુ ટકાવારીની ધોરણે પે સ્કેલમાં સામેલ છે. ફરજના સ્થળને આધીન કુલ મળવાપાત્ર પગારમાં ફેરફાર હોઈ શકે છે. પગાર ધોરણ ૧-૧-૨૦૦૭થી સુધારણાપાત્ર છે.
- સરકારી કર્મચારીઓએ તેઓની અરજી યોગ્ય રાહે છેલ્લી તારીખ પૂર્વે FCI ને મોકલી આપવાની રહેશે. FCI ને સીધી અરજી કરી શકાશે નહીં.
- માત્ર અરજી કરવાથી કે યોગ્યતાનું ધોરણ ધરાવવા માત્રથી ઉમેદવારને ઈન્ટરવ્યૂ / કસોટીમાં બોલાવવા જરૂરી નથી.
- વહીવટી અગત્યતાને કારણે દર્શાવેલી જગ્યાઓની સંખ્યામાં વધઘટ થઈ શકે છે.
- હાલમાં અરજી સાથે કોઈપણ પ્રમાણપત્રની નકલ મોકલવાની જરૂર નથી. બધા અસલ પ્રમાણપત્રોની ખરાઈ ઈન્ટરવ્યૂ વખતે કરવામાં આવશે.
- પસંદગી પામેલા ઉમેદવારોને FCI ના વખતોવખત અમલી નિતિ-નિયમો લાગુ પડશે. અન્ય લાભો જેવા કે સીપીએફ, ગ્રેજ્યુઈટી, એલટીસી , રજાનું રોકડમાં રૂપાંતર, સારવાર ખર્ચ, પરિવહન ભથ્થું, રાહતદરે લંચ વગેરે મળવાપત્ર છે.
- પસંદ થયેલા ઉમેદવારની ભારતમાં ગમે ત્યાં નિમણૂક થઈ શકે છે. પરંતુ હાલમાં તેઓની નિમણૂક ઉત્તર ઝોન (પંજાબ, હરિયાણા, ઉ. પ્ર., રાજસ્થાન, દિલ્હી, હિ.પ્ર., ઉત્તરાખંડ, જ. અને કાશ્મીર, અને ઝોનલ ઓફિસ-નોઈડા) માં થશે.
- લેખિત પરીક્ષામાં ઉપસ્થિત થવા બદલ કોઈ ટી. એ. ચૂકવવામાં આવશે નહિ.
- ઈન્ટરવ્યૂમાં ઉપસ્થિત થવા માટે આવનાર ઉમેદવારોને અત્રેથી ટૂંકા રૂટની મુસાફરી માટે આવવા-જવાનું બીજા વર્ગનું રેલ્વે/બસ ભાડું ચૂકવવામાં આવશે.
- અરજી કરતા પૂર્વે ઉમેદવારોએ એ બાબત ચકાસી લેવી કે તેઓ જગ્યાને અનુરૂપ શૈક્ષણિક લાયકાત, અનુભવ તથા વય ધરાવે છે કે નહીં. બાદમાં મેનેજમેન્ટને માલુમ પડશે કે ઉમેદવારે કોઈ માહિતી છુપાવી છે કે ખોટી રજૂ કરી છે તો તેઓની ઉમેદવારી રદ કરાશે.
- **અરજી કેવી રીતે કરશો ?**
- અ. જા./અ.જ.જા./શા. ખો. ખાં. ના વર્ગના ઉમેદવારો સિવાયના ઉમેદવારોએ રૂા. ૩૦૦/- નો ડિમાન્ડ ડ્રાફટ ‘ Food Corporation of India ’ નામનો નોઈડા ખાતે ચૂકવવાપાત્ર મેળવી અરજી સાથે બીડવાનો રહેશે.
- ઉમેદવારોએ જાહેરાતમાં આપેલ નિયત નમૂના મુજબ કોરા કાગળમાં અરજી અંગ્રેજીમાં ટાઈપ કરી મોકલવાની છે.
- **અરજી મોકલવાના કવર પર**
  "Application for the post
  (Name, Post Code No. તેમજ કેટેગરી) ” લખવું.
- **અરજી મોકલવાનું સરનામું :**

**Post Box No. 4334**
**Kalkaji Head Post Office (HPO)**
**New Delhi-110019**

- ઉમેદવાર અરજી ઓન લાઈન પણ કરી શકે છે.
- ઓન લાઈન અરજી કરવા માટે FCI ની વેબસાઈટ : http://specialtest.in/fci જોવી.

## Application form for DIRECT RECRUITMENT OF AG III (TECHNICAL) IN CATEGORY III

**FOOD CORPORATION OF INDIA, ZONAL OFFICE (NORTH) A-2A, 2B, SECTOR-24 NOIDA (UP)-201301**

**(FILL IN CAPITAL LETTERS & SIGN ALL PAGES)**

Attach one passport size recent photograph signed on the front

01 Serial No. (To be given by the office)

02 (i) Post applied for :

(ii) Post Code **(Refer the codes given in the advertisement)**

03 Name of the Test City choice for written Test

Test City Code Select any one and write in the box

**(Refer the codes given in the advertisement)**

04 Indicate category to which you belong (Mark **‘x’** in the appropriate box)

UR | SC | ST | OBC (Creamy Layer) | OBC (Non Creamy Layer) | PH

05 (i) Date of Birth (as recorded in Matriculation or equivalent certificate)

D D | M M | Y Y Y Y

(ii) Age as on 01.07.2009 ............................ Years ............................ Months ............................ Days ...........................

06 Gender Male | Female (Mark **‘x’** in the appropriate box)

07 Whether Physically Handicapped? No | YES (Mark **‘x’** in the appropriate box)

(i) If yes, nature of disability and its Degree

(Refer the code’s given in the Advt.)

08 Whether Kashmiri Migrant ? No | YES (Mark **‘x’** in the appropriate box)

09 Are you employed with FCI ? No | YES (Mark **‘x’** in the appropriate box)

10 Language for written test: Hindi | English (Mark **‘x’** in the appropriate box)

11 Name : (in Block Capital letters) (As in Matriculation or equivalent certificate)

12 Telephone Number, if any (with STD Code) ................................................................ Mobile : ........................................

13 Email-ID, if any :

14 Address for communication

**CITY :**

**State/UT** **PIN**

15 Father’s Name :

16 Educational Qualification : **Fill details of Qualification pertaining to you, which makes you eligible.**

| Name of Academic/ Professional Degree/Diploma | Discipline | Main Subjects | Name of the University/ Board | Year of passing | Duration of the Course | Remarks, if any |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

17 Particulars of Demand Draft and Issuing Bank

| Name of the Issuing Bank (e.g SBI, etc.) | Branch of the issuing Bank | Date of Issue | Demand Draft No. | Amount (Rs.) |
|---|---|---|---|---|
| | | | | |

**DECLARATION:** I hereby declare that all statements made in the application are true, complete and correct to the best of my knowledge and belief. In the event of any information being found false or incorrect at any point of time, my candidature/ appointment may be cancelled/terminated without any notice. I also declare that I am a citizen of India by birth/domicile

p|ace ...........................

Date: ...........................

(Signature of the Candidate)

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત.